RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 132 Dt. 05-12-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# ભારત દક્ષિણ એશિયાની મહાસત્તા : રશિયા

## ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાતા કાર્યક્રમોમાં ભારતની ભાગીદારી બદલ આભાર વ્યક્ત કરતું રશિયા : બંને દેશો સંરક્ષણ ક્ષેત્રમાં પરસ્પર લાભદાયી નિર્ણયો લેવામાં સજ્જ

નવીદિલ્હી, તા. ૪.

ભારત-રશિયા સંરક્ષણ સહકાર પર ૨૨મા આંતર-સરકારી કમિશનની બેઠક નવી દિલ્હીમાં થઈ. રશિયન સંરક્ષણ પ્રધાન આન્દ્રે બેલોસોવે બંને દેશો વચ્ચેની મિત્રતાને મજબૂત પરંપરાઓ અને પરસ્પર આદર પર આધારિત ગણાવી. તેમણે ભારત આગમન પર મળેલા ઉષ્માભર્યા આતિથ્ય માટે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહનો પણ આભાર માન્યો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના નેતૃત્વ હેઠળના ભારતીય પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરતાં બેલોસોવે કહ્યું, ‘‘ભારત અને રશિયા ઊંડી પરંપરાઓથી જોડાયેલા છે. આપણી મિત્રતા સમયની કસોટી પર ખરી ઉતરી છે અને પરસ્પર આદર પર આધારિત છે.‘‘ તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂક્યો. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત સાથેની આપણી ભાગીદારી દક્ષિણ એશિયામાં સંતુલન શક્તિ તરીકે કામ કરે છે અને વૈશ્વિક સ્થિરતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રશિયન સંરક્ષણ પ્રધાન આન્દ્રે બેલોસોવે બીજા વિશ્વયુદ્ધ (૧૯૪૧-૪૫) માં વિજયની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાતા કાર્યક્રમોમાં ભારતની ભાગીદારી બદલ ખાસ આભાર વ્યક્ત કર્યો. ભારતીય નૌકાદળ દિવસ પર ભારતને અભિનંદન આપતા, બેલોસોવે નોંધ્યું કે રશિયા ભારતની સેના, વાયુસેના અને નૌકાદળના આધુનિકીકરણ માટે વ્યાપક સમર્થન પૂરું પાડી રહ્યું છે. આ પ્રસંગે, હું ભારતીય નૌકાદળ, તેના કમાન્ડરો અને તમામ ખલાસીઓને રાષ્ટ્રીય નૌકાદળ દિવસની શુભેચ્છાઓ પાઠવું છું. તેમણે જણાવ્યું હતું કે ભારત-રશિયા આંતર-સરકારી આયોગ સંરક્ષણ ક્ષેત્રમાં પરસ્પર લાભદાયી નિર્ણયો લેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે, આપણે ભૂતકાળના કાર્યોની સમીક્ષા કરીશું અને ભવિષ્ય માટે નવા લક્ષ્યો નક્કી કરીશું. બેઠક દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે તાજેતરના વૈશ્વિક સંજોગો છતાં, રશિયા ભારત માટે એક વિશ્વસનીય



અને વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદાર છે. તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની આગામી બેઠક બંને દેશો વચ્ચેની ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. ભારત-રશિયા સંરક્ષણ સંબંધોને વધુ વેગ આપવા અને સંયુક્ત ઉત્પાદન, તકનીકી સહયોગ અને લશ્કરી આદાનપ્રદાનને નવા સ્તરે વધારવા માટે આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

રશિયાના સંરક્ષણ પ્રધાન આન્દ્રે બેલોસોવે બેઠકમાં બંને દેશો વચ્ચે સમયની કસોટી પામેલી મિત્રતા વિશે વાત કરી. રાજનાથ સિંહના નેતૃત્વ હેઠળના ભારતીય પ્રતિનિધિમંડળ સાથે વાત કરતા, બેલોસોવે જણાવ્યું હતું કે બંને દેશો પરસ્પર આદર પર આધારિત મિત્રો છે. તેમણે કહ્યું કે અહીં આવતા રસ્તામાં કારમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરતી વખતે, અમે સંમત થયા કે બંને દેશો ઊંડી પરંપરાઓથી બંધાયેલા છે, જે રશિયન અને ભારતીય બંને રાષ્ટ્રો માટે ખૂબ જ ખાસ છે. તેમણે ભારતમાં આગમન પર મળેલા આતિથ્યની પણ પ્રશંસા કરી.

બેલોસોવે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેનો સંબંધ વ્યૂહાત્મક છે અને ભારત સાથેની ભાગીદારી દક્ષિણ એશિયાઈ ક્ષેત્રમાં સંતુલન માટે એક મહત્વપૂર્ણ પરિબળ છે. તેમણે કહ્યું કે આ વર્ષે આપણે ૧૯૪૧-૧૯૪૫ના મહાન દેશભક્તિ યુદ્ધમાં વિજયની ૮૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છીએ. તેમણે ભારતને ભારતીય નૌકાદળ દિવસ પર પણ અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે રશિયા સેના, વાયુસેના અને નૌકાદળ માટે એક નવો દ્રષ્ટિકોણ બનાવવામાં મોટા પાયે ભારત સાથે સક્રિય રીતે સહયોગ કરે છે. અગાઉ, રશિયન સંરક્ષણ પ્રધાન આન્દ્રે બેલોસોવે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની હાજરીમાં માણેકશો સેન્ટર ખાતે ત્રિ-સેવા ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠે આજે નવી દિલ્હીના પાલમ એરફોર્સ સ્ટેશન પર રશિયન સંરક્ષણ પ્રધાન આન્દ્રે બેલોસોવનું સ્વાગત કર્યું. સંરક્ષણ વડા જનરલ અનિલ ચૌહાણ પણ હાજર હતા.

### રશ્સ સુપ્રીમોનું રેડ કાર્પેટ સ્વાગત : મિત્રને આવકારતા મોદી

પીએમ મોદીએ એરપોર્ટ પર રશિયન રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું. ત્યારબાદ બંને નેતાઓ એક જ કારમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન, ૭ લોક કલ્યાણ માર્ગ ગયા. પીએમ મોદીએ આ અંગે ટ્વિટ કર્યું. ટ્વિટમાં પીએમએ લખ્યું, ‘‘મારા મિત્ર રાષ્ટ્રપતિ પુતિનનું ભારતમાં સ્વાગત કરવાનો ખૂબ આનંદ છે. અમારી વાતચીતની રાહ જોઈ રહ્યા છીએ. ભારત-રશિયા મિત્રતા સમયની કસોટી પર ખરી ઉતરી છે, જેનાથી આપણા લોકોને અપાર લાભ થયો છે.‘‘ ઉતર્યા પછી, બંને નેતાઓ પરિચિત રીતે મળ્યા. પુતિને પહેલા પીએમ મોદી સાથે હાથ મિલાવ્યા. ત્યારબાદ પીએમ મોદી અને પુતિન એકબીજાને ગળે લગાવ્યા. પુતિનના સ્વાગત માટે એરપોર્ટ પર એક સંક્ષિપ્ત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ પછી, બંને નેતાઓ એક જ કારમાં પીએમ હાઉસ જવા રવાના થયા.

હાઈકોર્ટને અત્યાર સુધી ૬ વખત ધમકી ભર્યા મળ્યા મેલ

# હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવા ધમકી

અમદાવાદ, તા. ૪

ગુજરાત હાઈકોર્ટને ફરીથી ધમકી ભર્યો ઈમેલ મળ્યો છે. કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા ધમકી ભર્યા ઈમેલ ગુજરાત હાઈકોર્ટને કરવામાં આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટને ફરી બોમ્બથી ઉડાવીને દેવાની ધમકી મળી છે. હાઈકોર્ટને અત્યાર સુધી ૬ વખત આવા ધમકી ભર્યા મેલ મળ્યા છે. ગુજરાત હાઈકોર્ટ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભરેલ ઈમેલ મળ્યો છે જેની અંદર હાઈકોર્ટઆ બોમ્બ પ્લાન્ટ કરાયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મામલે સોલા પોલીસ સ્ટેશન અને સુરક્ષા એજન્સીય તપાસ હાથ ધરી છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટના રજીસ્ટર દ્વારા સોલા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી અને ત્યારબાદ પોલીસ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પહોંચીને તાત્કાલિક તપાસ



હાથ ધરવામાં આવી. પોલીસ ગુજરાત હાઈકોર્ટ પહોંચી ડોગ સ્કવોર્ડ અને બોમ્બ સ્કવોર્ડ સાથે રાખીને ગુજરાત હાઈકોર્ટમાં તપાસ હાથ ધરવામાં આવી. કોર્ટમાં આવતા જતા લોકોને તપાસ કરવામાં આવ્યા હતા. આ ધમકીને ગંભીરતાથી લેવામાં આવી છે. પરંતુ હજુ સુધી હાઈકોર્ટનું કામકાજ રાબેતા મુજબ ચાલુ છે. સુરક્ષા એજન્સીય દરજીની સત્યતા ચકાસવા માટે કાર્યવાહી કરી રહી છે.

ગુજરાત હાઈકોર્ટને ૪ મહિનામાં ૬ વખત ધમકી ભર્યા ઈમેલ મળ્યા છે. આના પહેલા ૧૫ ઓગસ્ટ ૨૦૨૫, ૨૦ ઓગસ્ટ, ૯ જૂન, ૩ જુન ૨૦૨૫ના દિવસે પણ આવા મેલ મળ્યા હતા. આ અંગે અમદાવાદના સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એન. ભુકણએ જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના રજીસ્ટર દ્વારા અમને આ અંગે જાણ કરવામાં આવી હતી, જેને લઈને પોલીસ ગુજરાત હાઈકોર્ટ પહોંચી ડોગ સ્કવોર્ડ અને બોમ્બ સ્કવોર્ડ સાથે રાખીને ગુજરાત હાઈકોર્ટમાં તપાસ હાથ ધરવામાં આવી. વાત કરવામાં આવે ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ની તો તે દિવસે પણ આવી રીતની ધમકી મળી હતી, જેને લઈને પોલીસ તપાસ હાથ ધરી અને બીડીડીએસ ડોગ સ્કવોર્ડ, ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્કવોર્ડ એટીએસ સહિતને તમામ ટીમ ગુજરાત હાઈકોર્ટ પહોંચીને તપાસ શરૂ કરી હતી.

# રાજકોટમાં ૬ સબ રજીસ્ટ્રારની નિમણૂક

## અટકેલી કામગીરીને મળશે વેગ : મહેસૂલી કામગીરીને વેગ આપવા સરકારનો નિર્ણય

રાજકોટ, તા. ૪

રાજકોટમાં હાલ જમીન મકાનો ના વેચાણનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે જેની પાછળનું કારણ એ છે કે હાલ રાજકોટમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રફળ ધીમે ધીમે પોતાની પકડી રહ્યું છે અને દસ્તાવેજોનું પ્રમાણ પણ ખૂબ વધ્યું છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા મહેસુલ વિભાગની કામગીરી સુચારું બને અને વેગવંતી બને તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ હકારાત્મક નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં સબ રજિસ્ટ્રારની મોટા પાયે ફાળવણી કરવામાં આવી છે અને ૯૫ નવા અધિકારીઓની વિવિધ કચેરીઓમાં ફરજ સોંપવામાં આવી છે ત્યારે રાજકોટને પણ નવા અધિકારીઓ મળ્યા છે મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં હાલ આઠ સબ રજીસ્ટર કચેરી કાર્યરત છે અને નવા નિર્ણય અને સરકારના આદેશ અનુસાર ૬ જેટલા નવા સબ રજિસ્ટ્રાર પણ ફાળવવામાં આવ્યા છે અત્યારે અધિકારીઓ ન હોવાના પ્રશ્નો ઊભા થયા હતા તેની સામે રાજ્ય સરકારની આ નીતિ અત્યંત ઉપયોગી





નિવાર છે અને હાલ જે પ્રશ્નો અને કામગીરીમાં ઢીલાસ જોવા મળતી હતી તેમાં પણ વેગ મળશે. ઘણા ખરા કિસ્સાઓમાં વિલંબ થતો હતો દસ્તાવેજ નોંધણી સમયે તે પણ હવે ભૂતકાળ બની જાય તેવું જાણવા મળ્યું છે.

સબ રજીસ્ટર કચેરીમાં છ નવા અધિકારીઓ ઉમેરાતા એક કચેરી ડેટ બે સબ રજીસ્ટ્રાર ઉપલબ્ધ રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે જેના કારણે અરજદારોનો સમય પણ બચશે અને કામગીરીમાં પણ ઝડપ આવશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર નવનિયુક્ત સબ રજિસ્ટ્રારોએ તેમની ફાળવેલી જગ્યામાં ૨૪ કલાકમાં હાજર થવાનું પણ કહેવાયું છે. હાલા નિર્ણયના કારણે રાજકોટ સહિત સમગ્ર જિલ્લાને ખૂબ સારો લાભ મળી રહેશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે સરકાર હાલ મહેસુલ કામગીરીને ઝડપી બનાવવા અને લોકોને કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે વાતની ગંભીરતાને ધ્યાને લઈ સમગ્ર આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સરકારના આ નિર્ણયના કારણે આવકમાં પણ વધારો થાય તો નવાઈ નહીં કારણ કે દર મહિને જે રાજકોટ જિલ્લામાં દસ્તાવેજ નોંધણીના આંકડાઓ જોવા મળી રહ્યા છે તેમાં પણ હવે વધારો થશે કારણ કે સબ રજીસ્ટર કચેરીમાં અધિકારીઓની નિમણૂક થતા જ અટકેલા કામો ઝડપભેર પૂર્ણ થશે અને સરકારને આવકમાં પણ ફાયદો પહોંચે તો નવાઈ નહીં.

# મુશ્કેલીમાં મુકાયેલા BLO બદલો : સુપ્રીમ

## બુથ લેવલ અધિકારીઓના કામનું ભારણ ઘટાડવા રાજ્ય સરકારને તાકીદ : વધુ કર્મચારીઓની નિયુક્તિનો આદેશ




નવીદિલ્હી, તા. ૪

સુપ્રીમ કોર્ટે ગુરુવારે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જીંઈછ કાર્ય પૂર્ણ કરવા માટે વધારાના કર્મચારીઓ તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે આનાથી બૂથ-લેવલ અધિકારીઓ (ઇકઘત) પર કામનો ભાર ઓછો થશે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે જીંઈછ સહિત કોઈપણ વૈધાનિક કાર્ય માટે ચૂંટણી પંચમાં નિયુક્ત કરાયેલા રાજ્ય સરકાર/કમિશન કર્મચારીઓ તેમની ફરજો બજાવવા માટે બંધાયેલા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ઉપાધ્યક્ષ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે અભિનેતા વિજયની પાર્ટી, તમિલગા વેત્રી કઝગમ (ઝટઊં) દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો. અરજીમાં કમિશનને વિનંતી કરવામાં આવી હતી કે તેઓ નિર્દેશ આપે કે ઇકઘત તેમની ફરજો સમયસર ન બજાવતા તેમની સામે કોઈ દંડાત્મક કાર્યવાહી ન કરે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (ઈઉંઈ) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની અધ્યક્ષતામાં સુપ્રીમ કોર્ટની બે ન્યાયાધીશોની બેન્ચે આદેશ આપ્યો હતો કે અસરગ્રસ્ત રાજ્યો જીંઈછ ફરજો માટે વધારાનો સ્ટાફ તૈનાત કરે જેથી જીંઈછ માં રોકાયેલા લોકોના કામના કલાકો ઓછા થાય.

જ્યારે પણ કોઈ વ્યક્તિ પાસે મુક્તિ માંગવાનું ચોક્કસ કારણ હોય, ત્યારે રાજ્ય સરકાર કેસ-બાય-કેસ આધારે આવી વિનંતીઓ પર વિચાર કરશે અને વ્યક્તિને બદલી નાખશે. જો કાર્યબળ વધારવાની જરૂર હોય, તો રાજ્ય સરકાર તેને મંજૂર કરવા માટે બંધાયેલી છે. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે જો વધુ રાહત ન મળે, તો પીડિત વ્યક્તિ કોર્ટનો સંપર્ક કરી શકે છે. કોર્ટે રાજકીય પક્ષ તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) દ્વારા ભારતીય ચૂંટણી પંચ (ઊઈઈ) સામે દાખલ કરાયેલી અરજીની સુનાવણી બાદ આ સૂચનાઓ જારી કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઇકઘ ની સ્થિતિ, જેમાંના કેટલાકની આત્મહત્યાનો સમાવેશ થાય છે, તેમાં કામના દબાણને આવા આત્યંતિક પગલાં લેવાનું કારણ ગણાવ્યું હતું. ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને કેરળ સહિત અનેક રાજ્યોમાં જીંઈછ પ્રક્રિયાને પડકારતી અરજીઓના સમૂહનો એક ભાગ હતો.

સુનાવણી દરમિયાન, ઝટઊં નું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને દલીલ કરી હતી કે ૩૫ થી ૪૦ ઇકઘ એ આત્મહત્યા કરી હતી. આ બધા આંગણવાડી કાર્યકરો અને શિક્ષકો હતા. તેમણે સુપ્રીમ કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે ઘણા લોકોને નોટિસ મળી રહી છે જેમાં જો તેઓ સમયમર્યાદા પૂરી કરવામાં નિષ્ફળ જાય તો બે વર્ષની જેલની સજાની ધમકી આપવામાં આવી રહી છે.

# સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના વ્યાપમાં વધારો

## છેલ્લા એક વર્ષ દરમિયાન ૧.૨૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ : ૯૦૦૦ કરોડથી વધુની સહાય

રાજકોટ, તા. ૪

આજના કૃષિ વૈશ્વિકરણ અને વૈવિધ્યતાના સમયમાં કૃષિને નફાકારક બનાવવા માટે સિંચાઈમાં પાણીનો અસરકારક ઉપયોગ અને વ્યવસ્થાપન થવું ખૂબ જ જરૂરી છે. એટલા માટે જ, વર્ષ ૨૦૦૫માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની (GGRC)ના માધ્યમથી સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલમાં મૂકી હતી. ખેડૂતો પાણીના મર્યાદિત ઉપયોગથી વધુમાં વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ટપક, ફૂવારા, રેઈન-ગન અને પોરસ પાઈપ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે.

પાણીના ઓછા સ્ત્રોત વચ્ચે સૂક્ષ્મ સિંચાઈથી આશરે ત્રણ ગણો પિયત વિસ્તાર વધારી શકાય છે. એટલે જ, છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈનો વ્યાપ અને સૂક્ષ્મ સિંચાઈ ક્ષેત્રે દેશમાં ગુજરાતનો દબદબો સતત વધી રહ્યો છે. વર્ષ ૨૦૦૫ થી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં ગુજરાતના ૧૬.૨૮ લાખથી વધુ ખેડૂતોએ આશરે ૨૫.૦૫ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે અને આ ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૨૨૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારનો ફાળો રૂ. ૫૭૪૦.૭૧ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૩૪૮૩.૫૬ કરોડ છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ જેવી અદ્યતન પદ્ધતિ અપનાવવાની દિશામાં ગુજરાતે હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૧.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જ્યારે, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં પણ આશરે ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો, જે માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ રૂ. ૬૦૫.૪૨ કરોડની સહાય આપવામાં આવી છે, જેમાં રાજ્ય સરકારનો ફાળો રૂ. ૩૨૯.૪૨ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૨૭૬ કરોડનો છે.

સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારની દૃષ્ટિએ ૪.૮૮ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં મોખરે અને ત્યારબાદ, ૧.૮૫ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય તેમજ ૧.૩૫ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાને છે. આ ઉપરાંત ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વેગ આપવામાં રાજ્યના મધ્યમ વર્ગના ખેડૂતોનો ફાળો મહત્તમ રહ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના ૮.૯૨ લાખથી વધુ મધ્યમ વર્ગના ખેડૂતોએ ૧૬.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. જ્યારે, રાજ્યના ૪.૯૮ લાખથી વધુ નાના ખેડૂતોએ ૫.૯૦ લાખ હેક્ટર વિસ્તારમાં, ૧.૮૩ લાખથી વધુ સીમાંત ખેડૂતોએ ૧.૨૩ લાખ હેક્ટર વિસ્તારમાં અને ૫૫ હજારથી વધુ મોટા ખેડૂતોએ ૧.૪૯ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવીને જળ સંચય અભિયાનને પણ વેગ આપ્યો છે.

ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાયેલા કુલ ૨૫.૦૫ લાખ હેક્ટર વિસ્તાર પૈકી ૨૦.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખેતી પાકો માટે તેમજ ૪.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં બાગાયતી પાકો માટે ખેડૂતો દ્વારા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે. મુખ્ય ખેતી પાકોમાં મગફળી માટે ૧૧.૦૨ લાખ હેક્ટર, કપાસ માટે ૭.૫૬ લાખ હેક્ટર અને શેરડી માટે ૦.૧૬ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે. જ્યારે, બાગાયતી પાકોમાં બટાટા પાક હેઠળ ૨.૨૦ લાખ હેક્ટર, કેળ પાક હેઠળ ૦.૩૪ લાખ હેક્ટર, આંબા પાક હેઠળ ૦.૧૮ લાખ હેક્ટર અને શાકભાજી પાકો હેઠળ ૦.૯૨ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે.

### ANM, GNM અને BSC નર્સીંગની ૧૦૨૦ કોલેજોની ૫૧, ૩૧૫ બેઠકો પૈકીની ૪૫ ટકા ખાલી કોલેજ સંચાલકોની હાલત કફોડી

## નર્સીંગ કોલેજોમાં ૨૨ હજાર બેઠકો ખાલી રહેતા સંચાલકો મુંજવણમાં!

રાજકોટ,તા.૪

રાજયમાં પેરામેડીકલ કોર્ષમાં પ્રવેશની મુદત થતા નર્સીંગના અભ્યાસક્રમની આ વખતે ૨૨હજાર જેટલી બેઠકો આ વખતે ખાલી રહેવા પામી છે. જો કે તેની પાછળ નર્સીંગ કોલેજોને આડેધડ અપાયેલ મંજૂરી કારણભૂત હોવાનું જાણકારો માની રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં નર્સીંગના વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમની વ્યવસ્થા ન હોવાથી ત્યાં પણ કોલેજોને મંજૂરી આપી દેવામાં આવી હોવાનું કહેવાય છે. જેના પગલે નર્સીંગની ખાલી બેઠકોની સંખ્યાનો આંકડો વધી રહ્યાનું સુત્રોમાં સાંભળવા મળ્યું છે. કુલ ૧૦ કોર્સ પૈકી માત્ર ત્રણ પ્રકારના નર્સિંગ કોર્સમાં જ હાલમાં ૨૨ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. અનેક કોલેજોમાં બે આંકડામાં પણ વિદ્યાર્થીઓ મળ્યા નથી. પ્રવેશ સમિતિ દ્વારા ખાલી પડેલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપવામાં આવ્યા બાદ કોલેજો પોતાની રીતે પચાસ ટકા બેઠકો પણ ભરી શકી નથી. આ સ્થિતિમાં હવે નર્સિંગમાં ખાલી પડેલી બેઠકો આગામી વર્ષ સુધી ખાલી રાખવી પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે.



ધો.૧૨ પછી પેરા મેડિકલમાં સૌથી મહત્વની ગણાતી નર્સિંગ કોલેજોમાં ત્રણ પ્રકારની કોલેજો અસ્તિત્વમાં છે. જેમાં એએનએમ, જીએનએમ અને બીએસસી નર્સિંગનો સમાવેશ થાય છે. પ્રવેશ સમિતિની વિગતો પ્રમાણે રાજ્યમાં હાલમાં એએનએમની કુલ ૨૯૯, જીએનએમની ૪૩૧ અને બીએસસી નર્સિંગની ૨૯૦ કોલેજો ઉપલબ્ધ છે.

આમ, ત્રણે કોર્સની મળીને કુલ ૧૦૨૦ કોલેજોમાં અંદાજે ૫૧,૩૧૫ બેઠકો માત્ર નર્સિંગ કોર્સમાં ઉપલબ્ધ છે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત પૂરી થયા બાદ હાલમાં જુદી જુદી નર્સિંગમાં ૨૨ હજાર બેઠકો ખાલી પડી છે. એટલે કે નર્સિંગની કુલ બેઠકો પૈકી અંદાજે પચાસેક ટકા બેઠકો ખાલી પડી રહી છે. સરકારી કોલેજોમાં પણ કેટલીક બેઠકો ખાલી પડી હોવાનું કહેવાય છે.

બીજી બાજુ સરકાર દ્વારા દર વર્ષે વધુને વધુ નર્સિંગ કોલેજોને મંજૂરી આપવામાં આવી રહી છે. આમ, નર્સિંગમાં કુલ ૫૧,૩૧૫ બેઠકો પૈકી હાલમાં અનેક રાઉન્ડ પછી ૨૯,૩૩૫ બેઠકો ભરાઇ છે. જે પૈકી ૧૫૪૧૩ બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવી છે. એટલે કે ખાલી પડેલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપવામાં આવ્યા બાદ સંચાલકોએ પોતાની રીતે માત્ર ૧૩,૯૨૨ બેઠકો ભરી છે. જેના કારણે ૨૨ હજાર બેઠકો ખાલી પડી છે. પેરા મેડિકલ કોલેજની પ્રવેશ કાર્યવાહી અંતર્ગત માત્ર નર્સિંગ કોર્સમાં આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી છે. ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ઓપ્થોલોજી સહિતના કોર્સની ખાલી બેઠકોની ગણતરી કરવામાં આવે તો આંકડો ૩૫ હજારથી વધારે થાય તેમ હોવાનું મનાય છે.

નર્સિંગ કાઉન્સિલ દ્વારા પ્રવેશ પૂર્ણ કરવા માટે આપેલી મુદત ૩૦મી નવેમ્બરના રોજ પૂરી થઇ ચૂકી છે. સરકારી કોલેજની ખાલી બેઠકો માટે વધારાનો રાઉન્ડ કર્યા પછી પણ કેટલીક બેઠકો ખાલી પડી છે. આમ, હવે સરકારી કોલેજમાં ખાલી પડેલી ગણતરીની બેઠકોની સાથે સ્વનિર્ભર કોલેજમાં ખાલી પડેલી બેઠકો માટે હવે કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહીં.નર્સિંગ કોલેજોની બેઠકો ખાલી રહેતા આ તે કે કોલેજોના સંચાલકોની હાલત કફોડી બની જવા પામી છે.

## રાજકોટમાં ‘ભારત ટેક્સી’ સેવાના પ્રારંભના પડઘમ

### ૧૫ ડિસેમ્બર બાદ પેસેન્જર એપ ચાલુ થશે : ડ્રાઈવરનું રજિસ્ટ્રેશન પુરજોશમાં ચાલુ : રેપિડો, ઓલા અને ઉબેર જેવી ખાનગી કેબ કંપનીઓ માટે ખતરે કી ઘંટી?

રાજકોટ, તા.૪

ખાનગી કેબ કંપનીઓને હવે રાતા પાણીએ રોવું પડે એ દિવસો દુર ન હોવાની સરકારની પહેલથી ચર્ચાઓએ જોર પકડ્યું છે. દિલ્હી અને ગુજરાતના રસ્તાઓ પર હવે નવા રંગ-રૂપ સાથે સરકારના વાહનો સસ્તા દરે ફરતા કરવાનો પ્રારંભ થઇ ચૂક્યો છે. સરકારની આ કેબ ડ્રાઇવરોને નવી પાંખો આપી રહી છે: ‘‘ભારત ટેક્સી‘‘. સહકારી અભિગમથી આ નવી સેવા માત્ર ઓલા અને ઉબેર જેવી ખાનગી કેબ કંપનીઓને પડકાર આપે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી. જો કે સરકારની પહેલથી નવી રોજગારીની તકો ઉભી થવાનું મનાઈ રહ્યું છે.

ભારત ટેક્સી સેવા રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને સૌરાષ્ટ્ર, ગુજરાત ખાતે સોફ્ટ-લોન્ચ કરવામાં આવી છે. આ સેવા સહકાર ટેક્સી સહકારીના નેજા હેઠળ શરૂ કરવામાં આવી છે. ૨૬નવેમ્બરથી ડ્રાઈવર માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ચૂક્યું છે. અને ૧૫ ડિસેમ્બર બાદ થી કોઈ પણ તારીખે પેસેન્જર સેવા







શરૂ થઈ શકે છે. અત્યાર સુધીમાં રાજકોટ થી ૧ હજાર જેટલા ડ્રાઇવરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. એપ્લિકેશનના માધ્યમથી ડ્રાઇવરો સીધો લાભ મળશે. જેમાં કંપની કમિશન લેશે નહીં. ભારત ટેક્સી એ ૨૬ નવેમ્બર ૨૦૨૫ ના રોજ રાજકોટમાં તેનો સોફ્ટ લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનું ઉદઘાટન સહકાર ટેક્સીના ઉચ્ચ અધિકારી ગૌતમ ગાંગુલી, એક્ઝિક્યુટિવ સંદીપ પટણી, અને બોર્ડ ઓફ ડિરેક્ટર કિશનભાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. અમદાવાદ અને રાજકોટ સહિત રાજ્યભરના ડ્રાઇવર ભાઈઓએ આ સમારોહમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજુરી બાદ કિશનપારા ચોક ખાતે પરંપરાગત પૂજા સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સોફ્ટ લોન્ચિંગમાં ૨૦૦થી વધુ ડ્રાઇવરોની હાજરી નોંધાઈ હતી. ભારત ટેક્સીને વિશ્વના સૌથી મોટા ડ્રાઇવર-માલિકી નેટવર્ક તરીકે ઓળખવામાં આવી રહી છે. દિલ્હી અને ગુજરાતમાં કાર, ઓટો અને બાઇકની ત્રણેય શ્રેણીઓના ૫૧ હજારથી વધુ ડ્રાઇવરોએ આ પ્લેટફોર્મ પર નોંધણી કરાવી હોવાનું કહેવાયછે.

જોકે આ સહકારી કેબ સેવા હજુ સુધી દેશભરમાં શરૂ કરવામાં આવી નથી, ભારત ટેક્સી પહેલાથી જ વિશ્વના સૌથી મોટા ડ્રાઇવર-માલિકી ગતિશીલતા સમૂહ તરીકે ઉભરી આવી છે. ભારત ટેક્સીની એક અનોખી વિશેષતા એ છે કે તેમાં કોઈ કમિશન ચાર્જ નહીં લાગે. ડ્રાઇવરોએ ફક્ત સબ્સ્ક્રિપ્શન ફી ચૂકવવાની રહેશે, જે દૈનિક, સાપ્તાહિક અથવા માસિક હોઈ શકે છે. આ રીતે, દરેક ટ્રીપમાંથી થતી સંપૂર્ણ કમાણી સીધી ડ્રાઇવરના ખિસ્સામાં જશે.

સરકાર માને છે કે આનાથી નાણાકીય મજબૂતી મળશે અને લાખો ડ્રાઇવરોનો આત્મવિશ્વાસ વધશે. આ સેવામાં જોડાનારા ડ્રાઇવરોને ‘‘સારથી‘‘ કહેવામાં આવશે, ‘‘ડ્રાઇવર‘‘ નહીં. ભારત ટેક્સી માટે ડ્રાઈવરએ પોતાની ગાડી હોવી જોઈએ. જેથી ડ્રાઈવરને સીધું કમિશનર મળી શકે. હાલ પ્રાપ્ત માહિતી મુજબ ટેક્સીના કિલો મીટર ભાવ સરકારી ધારાધોરણ મુજબ નક્કી કરશે. રાજકોટમાં રેપિડો, ઓલા જેવી એપ કાર્યરત છે. હવે નવી સેવાથી સ્પર્ધાનો માહોલ દેખાવા માંડશે. ટુ વ્હીલર, રીક્ષા અને ફોર વ્હીલરમાં આ સેવા ઉપલબ્ધ થનાર છે. . ડ્રાઈવર એ લાઈસન્સ, આધાર કાર્ડ, આરસી બૂક જેવા ડોક્યુમેન્ટ જમા કરવાના રહેશે તેવું જાહેર કરાયું છે.

### હે..રામ..બોલતા માનવીને હચમચાવતી મૂંગા પ્રાણીની વફાદારી !

# જન્મદાત્રી બની ઘાતકી : શ્વાન રાજા થયા તારણહાર!

## બાળકની રક્ષા કરતા શ્વાનની તસ્વીરે શોશિયલ મીડીયમાં ઉપજાવી કરુણતા : સાચું હોય તો માનવજાત માટે શરમજનક !?

રાજકોટ, તા. ૪

પામર માનવી જનમ્યો ત્યારથી મનાતું આવે છે કે ઈશ્વર બધી જગ્યાએ પહોચી શકતો નથી એટલે માતાને બનાવી છે. આ રીતે મનુષ્ય જાતિનો વિકાસ થઇ રહ્યો છે. પણ વિચાર કરો કે જન્મદાત્રી જ ઘાતકી બનીને તેનાજ ફૂલ જેવા શિશુને મોતના મુખમાં ધકેલી દેવા તૈયાર થઇ જાય ત્યારે આ વાત કઠણ કાળજાના માનવીને પણ કંપાવી દે છે. આવી વાત ગુજરાતમાં નહિ પણ પશ્ચિમ બંગાળમાં બનવા પામી હોવાનું શોશિયલ મીડિયામાં જોવા મળ્યું છે.

એક દયાહીન માતા (કદાચ કુંવારી માતા) એ કડકડતી ઠંડી વચ્ચે તેમનું નવજાત બાળક રસ્તે રઝળતું મુકીને પોતાનું પાપ છુપાવવા પ્રયાસ કર્યો હોવાનું બહાર આવતા જાણકારોમાં અરેરાટી ઉપજી હતી.

સોશિયલ મીડિયામાં ફરતી થયેલી બીનાની વાત કરીએ તો, પશ્ચિમ બંગાળના નવદ્વીપ જીલ્લાના સ્વરૂપ નગરમાં એક બાજુ ઠંડી પોતાનો ભાગ ભજવતી હતી ત્યારે ગાઢ અંધારામાં એક બાળકના રુદનનો અવાજ સંભળાયો હતો. મારે-તમારે અને પામર માનવીને ઢાંકણીમાં પાણી ભરીને ડૂબી મરી જવાની વાત ત્યારે સાબિત-છતી થઇ હતી કે બાળકના રુદનનો અવાજ કોઈ પામર માણસે નહિ પણ શેરી-ગલીઓના રખોપા કરતા શ્વાનરાજાના કાને પડયો હોવાનું કહેવાય છે. સમાન્યત લોક માન્યતા હોય છે કે નાના બાળકોને ડાઘીયા ફાડી ખાય છે. પણ અહી એવું નથી બન્યું ! એટલે જ કહેવાય છે કે ‘‘મારનાર કરતા તારનાર મોટો છે‘‘

લોકોના મતે એક-બે નહિ પણ ૬-૭ ડાઘીયા પણ નવજાત માટે સાચે જ રક્ષક બનીને પહોચેલા શ્વાન રજા કુંડાળું વળીને આખી રાત બાળકની ફરતે ગોઠવાઈ ગયા હતા. ભગવાને



પશુ-પ્રાણીને બોલવાની શાન નથી આપી પણ પોતપોતાના જીવન માટે ‘‘ભાન‘‘ બખૂબી આપી હોવાનું આવું ચિત્ર જોનાર પામર માનવીએ અનુભવ્યું હશે. એટલુજ નથી ટુકડો રોટલા પાછળ હમેંશા વફાદારી દાખવતા તમામ શ્વાને વધુ એક વખત પામર માનવીની દયાહીનતાને છાપરે ચડીને પોકારી જઈને ‘‘અમે વફાદારી ના ભૂલીએ‘‘ તેવી કદાચિત ઉક્તિ સાબિત કરીને કહેવાય છે કે મનુષ્યોના દિલ જીતી લીધા હતા. કુમળા ફૂલ જેવા બાળકને જરા પણ અડકવાને બદલે પ્રસ્તુત તસ્વીરમાં દ્રશ્યમાન થઇ રહ્યા મુજબ શ્વાનરાજા જાણે રખોપું કરવા બેઠા હોવાના ખડા થયેલા દ્રશ્યોએ ભલભલાને વિચારતા કરી દીધા હતા કે, કુતરા-શ્વાનમાં આટલી બધી સમજણ ? માણસની સમજણને પણ પાછળ રાખી દીધી ?

સામાન્ય રીતે શ્વાન શેરીના હોય કે પાલતું, લોકોમાં એવું માન્યતા હોય છે કે નોનવેજ જેવું કઈ તેમની નજરમાં આવે તો શ્વાન છોડતા નથી અને સૌરાષ્ટ્ર ગુજરાતમાં આવા અસંખ્ય બનેલા બનાવોથી સૌ વાકેફ છે કે ફલાણી જગ્યાએ કે શહેરમાં કુતરાએ અબાલવૃધ સૌને ફાડી ખાતા હોય છે. પણ પશ્ચિમ બંગાળમાં આવી માન્યતાથી તદ્દન વિપરીત બનાવ, દ્રશ્યો અને શ્વાન રાજાની વફાદારી જોવા મળતા સેંકડો જાણકારોને વિચાર કરતા મૂકી દીધા છે કે, એક જન્મદાત્રી હેવાન રૂપના દર્શન કરીને ભલભલાને ધ્રુજાવી દે છે જયારે પશુ-પ્રાણીની જાતિની જનેતા કે નર જીવ માનવ જીવની(ધૂલકા ફૂલ)ની આવી રીતે આખી રાત ઠંડીમાં કેવી રીતે રક્ષા કરી શકે ? પણ મનુષ્ય જાતિના જીવમાં જે પણ કઈ સાચા-ખોટા પ્રશ્નો ઉઠે તે અત્રે અનુચિત ગણવા વાજબી એટલે લાગે છે કે, પ્રસ્તુત તસ્વીર જ બધું કહી જાય છે..એટલે વધુ કઈ કહેવાની જરૂર નથી..ખેર પશુ-પ્રાણી અને મનુષ્ય કુદરતની જ દેન છે. પણ પશુ-પ્રાણી શું કરી શકે અને માનવી શું કરી શકે ? તે બંને વાતનો નીચોડ વ્યક્ત કરતી તસ્વીર ખરેખર હૃદયદ્રાવક છે તેવું કહેવું વાજબી લાગે છે.

# કટારીયા ચોકડી બંધ થતા લોકો ત્રાહીમામ

## મહાનગરપાલિકાએ બેરીકેડ લગાવતા ઉહાપો : એપ્રિલ મહિના સુધી રસ્તો રહેશે બંધ, ડાયવર્ઝન પર ટ્રાફિકનો ખડકલો

રાજકોટ, તા. ૪

કટારીયા ચોકડી પર અંડપ બ્રિજ અને જે અધ્યતન ઓવરબ્રિજ બનવા જઈ રહ્યો છે તેનું કામ હાલ શરૂ કરી દેવામાં આવ્યું છે પરંતુ વાસ્તવિકતા તો એ છે કે અત્યારે જે કામગીરી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે તેમાં કોઈ જ સંકલન છે નહીં અગાઉ પોલીસ વિભાગ દ્વારા જે જાહેરનામું આપવામાં આવ્યું હતું તે મુજબ હાલ રોડ બંધ કરી દેવામાં આવ્યો છે જે અંગેની જાણકારી લોકોને ન મળતા રાત્રી અને આજ સવારે ભારે ઉહાપો જોવા મળ્યો હતો અને માથાકૂટ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ કાલાવડ રોડ તરફ અવરજવર કરતા લોકો હાલ હેરાન પરેશાન થઈ ચૂક્યા છે અને ગ્વાલિયા સ્વીટ થી ડાબી અને જમણી તરફ અને કાલાવડ રોડ તરફ કોસ્મોપ્લેક્સ આજુબાજુના રસ્તેથી નવા રીંગરોડ અને કાલાવડ રોડ જવાનું ડાયવર્ઝન આપવામાં આવ્યું છે જેને લઈને હાલ હાલાકીનો સામનો લોકોએ કરવો પડી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કામગીરી હજુ પાંચ મહિના ચાલે ત્યાં સુધી લોકોએ હેરાનગતિ વેઠવી પડશે . હાલ ડાયવર્ઝન જે આપવામાં આવ્યા છે તેનાથી પણ લોકોમાં ભારે ઉંહાપો જોવા મળ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેન્ટ્રલ પોર્સનું કામ હજુ હજુ પાંચ મહિના ચાલે તેવું જણાઈ રહ્યું છે ત્યારે એપ્રિલ સુધી કટારીયા ચોક વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો છે અને બંને તરફથી આવતા લોકોએ ડાઈવરજનનો ઉપયોગ કરવા જણાવ્યું છે.





ગઈકાલ સવારથી કોઈ જાહેરાત વગર કાલાવડ રોડનો કટારીયા ચોક બંધ કરી દેવાતા દેકારો બોલી ગયો અને કટારીયા ચોકડીએ ટ્રાફિક જામ થઈ ગયો હતો તે તરફ લગ્ન ગાળાની સિઝન હોવાના કારણે વાહનોની અવરજવર પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળી હતી.

બુધવારે રાત્રે કંપનીએ બંને બાજુ પોતાના બેરીકેડ લગાવી રોડ બંધ કરતા બંને તરફ લોકો ફસાઇ ગયા હતા. અમુક વાહન ચાલકો તો બંને તરફના બેરીકેટ વચ્ચે અટવાતા માથાકુટો થઇ હતી. આ હાલતમાં આજે બપોરે કોર્પો.એ ૧૬૭ કરોડના બે બ્રીજના પ્રોજેકટ કામ હેતુ રોડ બંધ થયાનું જાહેર કર્યુ છે. સાથે જ ડાયવર્ઝન પણ ફરી જાહેર કર્યા છે. હાલની પરિસ્થિતિને જો ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો મહત્વનું એ છે કે અત્યારે લગ્નગાળાની સિઝન ચાલી રહી છે ત્યારે તેમાં મુખ્યત્વે પાર્ટી પ્લોટ કાલાવડ રોડ વિસ્તાર માં જ આવેલા છે જેથી હવે ત્યાં સુધી પહોંચવા માટે ભારે હાલાકી નો સામનો લોકોએ કરવો પડશે. શહેરના અનેક પાર્ટી પ્લોટ કાલાવડ રોડ તેમજ ન્યૂ રિંગ રોડ ઉપર આવેલા હોય હાલ ધૂમ લગ્નગાળા વચ્ચે ગતરાત્રે કટારીયા ચોક બંધ કરતા મોટા મવા, મુંજકા, નવા રીંગ રોડ સહિતના વિસ્તારોમાં અવરજવર કરતા લોકોને પણ મુશ્કેલી પડશે તો રોજ કાલાવડ રોડ પર મેટોડા સુધી નિયમિત જતા વાહન ચાલકોને પણ હવે ડાયવર્ઝન પરથી પાંચ મહિના અવરજવર કરવી પડશે.

હાલ નિર્ધારીત સમય દરમિયાન બ્રિજનું કામ પૂર્ણ થાય તે ખૂબ જરૂરી છે જેથી જે પ્રશ્નો હાલ ઊભા થઈ રહ્યા છે તેનું તાકીદે નિરાકરણ આવી શકે હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ મહાનગરપાલિકાના એક પણ કામગીરી જે હાથ ધરવામાં આવી હોય તે સમયસર પૂર્ણ થતી નથી અને લોકોએ હેરાન થવું પડે છે.

### ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ શરૂ : ૨૪ પુરુષ ટીમ અને ૦૮ મહિલા ટીમ વચ્ચે ૧૪ ડિસેમ્બર સુધી સ્પર્ધા

# હોકીની પરંપરા આગળ ધપાવે છે પોલીસ : DGP





રાજકોટ, તા. ૪

પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયની અધ્યક્ષતામાં ગઈકાલે ગુજરાત માટે ગૌરવ સમાન ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬નો રંગારંગ શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. રાજકોટના રેસકોર્સ સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિભિન્ન પ્રાંતમાંથી આવેલા પોલીસ જવાનો અને સુરક્ષા દળોના ખેલાડીઓની માર્ચ પાસ્ટ, પોલીસ બેન્ડની સુરાવલી, અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો વચ્ચે ટુર્નામેન્ટ શરૂ થઈ હતી.

આ તકે ડી.જી.પી વિકાસ સહાયે તેમના ઉદબોધનમાં ભારતીય ખેલ હોકીની ગૌરવશાળી પરંપરાના ધરોહર શ્રી મેજર ધ્યાનચંદને યાદ કરી જણાવ્યું હતું કે, સુરક્ષા દળોના જવાનો, પોલીસકર્મીઓની કોર વેલ્યુઝ એવી સંકલન, ટીમ ભાવના, એકતા અને અનુસાશન તથા ગોલ કેન્દ્રિત ડેડિકેશનના ગુણો રમતમાં પણ તેમનું કૌશલ્ય ઉજાગર કરવામાં મદદરૂપ બને છે. પોલીસ જવાનો રમત-ગમત અને ખાસ કરીને હોકીમાં રાષ્ટ્રની પરંપરાને આગળ ધપાવી રહ્યા હોવાનું તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ વિભાગ હસ્તકના ઓલ ઈન્ડિયા પોલીસ કંટ્રોલ બોર્ડ રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાની રમતના આયોજન થકી જવાનોની ખેલ પ્રતિભાને બહાર લાવવાનું કાર્ય કરે છે, ત્યારે બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યને રાષ્ટ્રીય પોલીસ હોકી ચેમ્પિયનશિપની યજમાની આપવા બદલ સહાયે તેમનો આભાર માન્યો હતો.

સાથોસાથ ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ રમતગમતના શ્રેષ્ઠ આયોજન થકી આ લીગને પણ સફળતાપૂર્વક આગળ ધપાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ હોકી સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે, ત્યારે રાજકોટની જનતા પણ આ ચેમ્પિયનશિપને નિહાળી શકશે તેમ જણાવતાં વિકાસ સહાયે રાજકોટ પોલીસને સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાત પોલીસ દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપમાં ભારતભરના વિવિધ રાજ્યના પોલીસ દળો, કેન્દ્ર સરકારના અર્ધલશ્કરી દળો અને અન્ય સુરક્ષા એજન્સીઓની કુલ ૩૨ ટીમો ભાગ લેશે, જેમાં ૨૪ પુરુષ ટીમો અને ૦૮ મહિલા ટીમોનો સમાવેશ થાય છે. ભારતની સુરક્ષા વ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપતા દળોના ખેલાડીઓ માટે આ ટૂર્નામેન્ટ પ્રતિભા રજૂ કરવાનું એક મહત્વનું મંચ સાબિત થશે.

### પ્રથમ દિવસની વિજેતા ટીમ

રાષ્ટ્રીય હોકી ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે ૪ મેચ રમાયા હતા જેમાં પ્રથમ બે મેચ મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે જ્યારે બાકીના બે મેચ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હોકી ગ્રાઉન્ડમાં રમાયા હતા. મેચના પરિણામની વાત કરવામાં આવે તો મધ્યપ્રદેશ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને કર્ણાટકની ટીમ વિજય થઈ હતી.

# સૂર્ય કિરણના કર્તબથી આકાશ ઝગમગસે

## સ્માર્ટ સિટી વિસ્તારમાં મનપાએ ઉભી કરી અનેક વ્યવસ્થા : કાલે ગ્રાન્ડ રિહર્સલ

રાજકોટ, તા. ૪

રાજકોટના ઈતિહાસમાં ન ઘટી હોય તેવી અભૂતપૂર્વ ઘટના રવિવારના રોજ ઘટશે અને જેનું સાક્ષી રાજકોટનું આકાશ બનશે. જામનગરની સૂર્ય કિરણ ટીમ દ્વારા જે આકાશી નજારો ઉભો કરશે તેનાથી લોકો મંત્રમુગ્ધ થઈ જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ કાલે અંતિમ અને ગ્રાન્ડ રિહર્સલ યોજાશે જેમાં તમામ પ્લેન જે રવિવારે આકાશમાં કર્તબ દેખાશે તે જ નજારો કાલે રિહર્સલમાં જોવા મળશે જે માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. એર શો તથા એરફોર્સ બેન્ડ નું પ્રદર્શન અને શસ્ત્ર પ્રદર્શન પણ રવિવારે યોજવાનું છે ત્યારે આવતીકાલે સવારે ૧૦:૦૦ કલાકે એર શોનું ફુલ ડ્રેસ રિહર્સલ યોજવાનું છે જેનો લાભ રાજકોટના લોકો પણ ઉઠાવશે.







વિશાળ કાર્યક્રમો રાજકોટના આકાશ અને ધરતી બંનેને દેશપ્રેમ, ગૌરવ અને સંગીતની સુંદરતાથી રંગીને શહેર માટે ઐતિહાસિક ક્ષણો સર્જશે. ભારતીય વાયુસેનાની વિશ્વપ્રસિદ્ધ સુર્યકિરણ એરોબેટીક ટીમ આકાશમાં તેમના શૌર્ય, ચોકસાઈ અને તાલમેલના અનોખા કૌશલ્યનો પ્રદર્શન કરશે. આકાશમાં બનતી સુંદર રચનાઓ, ગતિ, ઝડપ અને પાઈલોટ્સની કુશળતા નાગરિકો માટે રોમાંચક દ્રશ્ય સર્જશે. એડ્રેનાલિન ભરેલા લૂપ્સ, બ્રેક મેન્યુવર્સ, વિંગ ફોર્મેશન્સ અને હાઇ-સપીડ પાસેસ એ કાર્યક્રમની મોટાં આકર્ષણોમાં રહેશે.

બેન્ડ દ્વારા દેશભક્તિ ગીતો, પ્રખ્યાત મીલિટરી બેન્ડ ટ્યૂન્સ, આધુનિક સંગીતના ઈન્સ્ટ્રુમેન્ટલ્સ, વિશેષ વાયુસેના થીમ મ્યુઝિક. સ્માર્ટ સીટી વિસ્તારમાં ૧૭*૨૦ની સ્ક્રીનથી લોકો આ ઈવેન્ટ માણી શકશે. શહેરીજનો અટલ સરોવરની આસપાસના વિસ્તારમાં ઉભા રહીને અને ભારતીય બેઠક પર ભવ્ય એર-શો અને એર ફોર્સ બેન્ડનું લાઈવ પરફોર્મન્સ નિહાળી શકે તે માટે કોર્પો. દ્વારા અટલ સરોવર ફરતે ૩૦ થી વધુ સાઉન્ડ ટાવર સ્ટેન્ડ બાય ઊભા કર્યા છે. જેના માધ્યમથી અટલ સરોવર ફરતે રહેલા નાગરિકો ભવ્ય એર-શો અને લાઈવ બેન્ડ માણી આનંદ મેળવી શકશે. અનેકવિધ કર્તાબો દેખાડવા માટે હાલ સૂર્ય કિરણની ટીમ તૈયાર છે એટલું જ નહીં દેશભક્તિ ઉજાગર કરવા અને ખાસ વાયુસેનાની કામગીરી લોકો સુધી પહોંચાડવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે સૂર્યકિરણ ની ટીમ દ્વારા દેશના વિવિધ શહેરોમાં એર શો યોજવામાં આવ્યો છે ત્યારે રાજકોટ આ ઐતિહાસિક ક્ષણનું સાક્ષી પણ બનશે જેનાથી યુવા વર્ગને પણ વાયુસેનામાં જોડાવા માટેનો જુસ્સો વધે હાલ એરફોર્સમાં કયા સાધનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે તેનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે જેથી રાજકોટના લોકો વાયુસેના અંગે તમામ માહિતીઓ મેળવી શકશે.

એર ફોર્સ સ્ટેટિક ડિસ્પ્લે પ્રદર્શન તા.૬ અને ૭ ડિસેમ્બરના રોજ અટલ સરોવરના ગેઈટ નં.૧૦ના પાર્કિંગ પ્લોટમાં સમય બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી રહેશે. આ પ્રદર્શન નિહાળવા માટે શહેરીજનોએ અટલ સરોવરમાં પ્રવેશ લેવો જરૂરી નથી. લોકોને રાજકોટને નવી ઓળખ આપનાર દેશપ્રેમના આયોજનસમા એરફોર્સ શોનો રોમાંચ માણવા મહાપાલિકાએ અનુરોધ કર્યો છે.

# ૨૩૩૬ આંગણવાડી બહેનોને નિમણૂકપત્રો

## રાજકોટ ખાતે મંત્રી રમણભાઈ સોલંકી ઉપસ્થિત : આંગણવાડીની બહેનોને પાઠવી શુભેચ્છા

રાજકોટ, તા..૪


આંગણવાડી બહેનોને નિમણૂકપત્રો આપવાના રાજ્યવ્યાપી કાર્યક્રમની શૃંખલા અન્વયે રાજકોટ ખાતે યોજાયેલા ઝોન કક્ષાના કાર્યક્રમમાં ૨૩૩૬ આંગણવાડી બહેનોને અન્ન અને નાગરિક પુરવઠો તથા ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી રમણભાઈ સોલંકી તથા આમંત્રિતોના હસ્તે નિમણૂકપત્રો એનાયત કરાયા હતા. નિમણુક મેળવનાર તમામ બહેનોને શુભકામનાઓ પાઠવતાં મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, નિમણુક મેળવનાર તમામ બહેનોએ માતા યશોદા બનીને ગુજરાતના બાળકોના વિકાસ માટેના સૌથી મહત્વના કાર્યમાં જોડાવાનું છે. આજે ૯ હજાર બહેનો આખા ગુજરાતમાં અને ૨૩૦૦ થી વધુ બહેનો સૌરાષ્ટ્ર ઝોનમાં સેવામાં જોડાઈ રહી છે, તે ખુબ જ આનંદની વાત છે.

આ તમામ બહેનોની ભરતી પ્રક્રીયા તેમની લાયકાતને ધ્યાને રાખીને સંપૂર્ણ પારદર્શક રીતે ઓનલાઈન કરવામાં આવી છે. આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો સમાજજીવનના મહત્વના કાર્યોમાં જોડાઈને બાળકને જીવનનો નવો વિચાર આપીને તેને કેળવવાનુ કાર્ય કરશે. દેશ અને ગુજરાત રાજયનું ઉજ્જ્વળ ભવિષ્ય બાળકો છે જે આવનારા સમયમાં દેશનું નેતૃત્વ કરવાના છે ત્યારે બાળકોમાં કુપોષણને દુર કરવાની જવાબદારી લઈને સુપોષિત બનાવવાનું ભગીરથ કાર્ય કરવાનું છે.

આ પ્રસંગે ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, આંગણવાડીમાં આજથી જોડાનાર તમામ બહેનો માતા યશોદાનો દરજ્જો ધરાવે છે. બાળકો માનો ખોળો છોડીને આંગણવાડી બહેનોના ખોળામાં જાય છે અને ત્યાંથી શિક્ષણની આંગળી પકડીને આગળ વધે છે, ત્યારે આ બાળકોને રાજ્યના વિકાસ પથ પર પ્રેરિત કરવાની જવાબદારી યોગ્ય રીતે નિભાવવા ભાનુબેને નવનિયુક્ત આંગણવાડી બહેનોને અનુરોધ કર્યો હતો. રાજ્યભરના અમદાવાદ-સુરત-વડોદરા-રાજકોટના ૪ ઝોનના ૯ હજારથી વધુ આંગણવાડી બહેનોને નિમણૂકપત્રો અપાયા હતા.

# ફૂલ ઝાડ માટે ફાળવાયેલ જમીન ખાલસા કરવા આદેશ

## ૧૦ કરોડની જમીન જે હેતુ માટે આપવામાં આવી તે પૂર્ણ ન થતા પ્રાંત અધિકારીએ લીધો નિર્ણય




રાજકોટ, તા. ૪

હાલ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર નો એક જ લક્ષ્ય છે કે મહેસુલી કામગીરી ઝડપભેર આગળ વધે. મળતી માહિતી મુજબ હાલ દબાણો જે થયેલા છે તેને દૂર કરવા અને ઘણી ખરી જગ્યામાં શરત ભંગ થયા હોવાની વ્યાપક ફરિયાદો સ્થાનિક સ્તર ઉપર ઉઠી રહી છે ત્યારે તેનું નિવારણ લાવવા માટે હાલ કલેકટર કચેરી ઘણા ખરા પગલાંઓ લઈ રહી છે ત્યારે જે વિગતો મળી રહી છે તે મુજબ કણકોટમાં ફળ ઝાડના હેતુ માટે કલેક્ટર દ્વારા વર્ષો પૂર્વે ત્રણ સંસ્થાઓને જમીન ફાળવવામાં આવી હતી પરંતુ આ જમીનમાં શરદ ભંગ થતા સરકાર હસ્તક લેવા પ્રાંત અધિકારી મહેક જૈન દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. હાલા જમીન ની કિંમત ૧૦ કરોડ જેટલી આંકવામાં આવી રહી છે. ૨૧ એપ્રિલ ૯૪ ના સોસાયટી ફોર નેચર એન્ડ એન્વાયરમેન્ટ પ્રોટેકશન સ્ટડી નામની સંસ્થાને સર્વે નંબર ૩૪૨ પૈકી એકની જમીન ફાળવવામાં આવી હતી તેમજ ૧૯૯૬માં મહર્ષિ દયાનંદ સંસ્થાને સર્વે નંબર ૩૪૨ પૈકી ૨૨ની જમીન ફાળવવામાં આવી પરંતુ તે શરત ભંગ થતા ફરી સરકાર હસ્તગત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પર્યાવરણ ફાઉન્ડેશનને સર્વે નં.૩૪૨ પૈકી ૧૯ની જમીન ફાળવવામાં આવી હતી એમાં ત્રણેય સંસ્થાઓને ફૂલ ઝાડના હેતુ માટે નવી અને અવિભાજ્ય અને નિયંત્રિત શરતોને આધીન ભાડાપટ્ટે જમીનો આપવામાં આવી હોવાનું કલેક્ટર તંત્રએ જણાવ્યું હતું પરંતુ આ તમામ ભાડા પટ્ટા ની મુદત પૂરી થઈ ગયા પછી પણ રીન્યુ કરવામાં આવી ન હતી તેમજ કલેક્ટર તંત્રના હુકમોની શરતો મુજબ ફાળવેલા જમીનમાં વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું ન હોવાનું ખુલતા આ તમામ જગ્યાઓ સરકાર હસ્તગત કરી લેવામાં આવી છે અને તે અંગેનો નિર્ણય પ્રાંત અધિકારી મહેક જૈન દ્વારા લેવામાં આવ્યો છે.

આ અંગે કરાયેલ તપાસમાં રૂા.૧૦ કરોડની અંદાજીત કિંમતની આ જમીનમાં શરતભંગ થયાનું ખુલતા આ અંગેનો કેસ સીટી પ્રાંત-૨ અધિકારી સમક્ષ ચલાવવામાં આવેલ હતો. જેમાં પક્ષકારોને રજૂઆત માટે પૂરતી તક આપવામાં આવી હતી. આ પ્રકરણના તમામ કિસ્સાઓમાં મુળ હુકમની શરતોનો ભંગ થતો હોવાનું સ્પષ્ટપણે ફલીત થતા સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા આ તમામ કિંમતી જમીનને સરકાર હસ્તક લેવા માટે આદેશ કરવામાં આવેલ છે. જે તે વખતે આ અંગે સ્પષ્ટતા કરવામાં આવી હતી અને હજુ પણ આ પ્રકારની ઘણી-ખરી જમીનો રાજકોટ જિલ્લામાં હોવાનું પણ જણાવ્યું છે ત્યારે આ પ્રકારની ફાળવેલી જમીનો અંગેનો સર્વે અને રિસર્ચ હાલ કલેકટર વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે જેમાં જો શરત ભંગ લાગશે તો સરકારને ફરી જગ્યા પરત કરી દેવામાં આવશે જે માટેના નિયમો અત્યંત કડક કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ એ વાતની પણ સ્પષ્ટતા થઈ ચૂકી છે કે હવે સરકાર તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને જે ડિમોલિશન કરવાની મિલકતો બાકી છે તેના ઉપર પણ ધોશ બોલાવશે. આ તમામ બાબતોની ગંભીરતાને ચકાસી આવનારા દિવસોમાં વધુ ડિમોલિશન હાથ ધરવામાં આવે તેવી પણ સ્પષ્ટતા આડકતરી રીતે કલેક્ટર વિભાગ દ્વારા કરવામાં આવેલી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# નજર ઉતારો

## સૌરાષ્ટ્રની શાંતિને પરપ્રાંતીય ક્રૂરતાની નજર લાગી ગઇ છે



નજર લાગી જવી એ પરંપરાગત અને વર્તમાનમાં પણ પ્રચલિત વિષય છે. આ શાસ્ત્ર પ્રમાણે ઘણાંની નજર ભારે અને નકારાત્મક હોય તેવું માનવામાં આવે છે. જેને નજર લાગી હોય તો અમુક વિધિથી નજર ઉતારવામાં આવે છે!

આ માન્યતા સાચી હોય કે, અંધશ્રદ્ધા છે, તે ભગવાન જાણે, પણ હાલની હકીકત એ છે કે, સૌરાષ્ટ્રની શાંતિ અને ભાવૂક સંસ્કૃતિને નજર લાગી ગઇ છે. તંત્રની અપાર કૃપાથી પરપ્રાંતીય અતિ ક્રૂર ગુન્હાની નજર સૌરાષ્ટ્રને લાગી છે. નજરમાં પણ ડબલ એન્જિન પાવર મળ્યો છે. સૌરાષ્ટ્રને પરપ્રાંતીય અને વિધર્મી ગુન્હાખોરીની તીવ્ર નજરે ભરડો લીધો છે.

રાજકોટના ગેંગવોરમાં થયેલા ફાયરિંગની ઘટનાના પડઘા હજુ પડી રહ્યા છે. ગેરકાયદે હથિયારોથી ફાયરિંગ થયું હતું. બન્ને ગેંગને હથિયારો અપાવનાર મુખ્ય સોદાગરને રાજકોટ પોલીસે મધ્ય પ્રદેશથી ઝડપી લીધો હતો.

પરપ્રાંતીય ખુંખારોને તેના વિસ્તારમાંથી ઝડપીને લાવવા એ સામાન્ય કામ નથી. પોલીસનું આ પરાક્રમ જ ગણાય. જો કે, ક્રૂર ગૂન્હા થઇ ગયા બાદ જ પોલીસ તંત્રને જાગવું હોય તો જ જાગે છે. હકીકત એ છે કે, ગેરકાયદે હથિયારો ફાલતું ગુંડાઓ પાસે પહોંચી ગયા ત્યાં સુધી તંત્ર અંધારામાં હતું, એ સરળતાથી સાબિત થઇ જાય છે.

આ સ્થાનેથી અનેક વખત લખાયું છે કે, પરપ્રાંતીય અને વિધર્મી અસામાજિક તત્વોએ ક્રૂરતાથી રાજકોટ-સૌરાષ્ટ્રને ભરડો લીધો છે અને સૌરાષ્ટ્રની શાંતિ-સલામતી ગાયબ થઇ ગયા છે. આ ભરડો એટલો મજબૂત છે કે, એકલ-દોકલ ગેંગને ઝડપવાથી તેને અસર થાય તેમ નથી.

ગેંગવોર બાદ રાજકોટ પોલીસ આક્રમક હોવાનો દેખાવ થાય છે. પણ હકીકત એ છે કે, પરપ્રાંતીય-વિધર્મી ગુન્હાઓ અટક્યા નથી. પોલીસ એક-બે ગેંગમાં અટકી ગઇ છે, પરંતુ આવા અગણિત ગુન્હાખોરો મનમૂકીને તાંડવ કરી રહ્યા છે. તંત્ર માટે શરમજનક ગણાય તેવી આ સ્થિતિ છે.

ક્રૂર ગુન્હાખોરીની નજર ઉતારવી હોય તો સમગ્ર સૌરાષ્ટ્રમાં ગામે ગામ અને ખૂણે ખૂણે મહાઓપરેશન થવું જરૂરી છે. આ પ્રકારના ઓપરેશન કરવા રાજકીય શક્તિનું દબાણ થવું જોઇએ. પોલીસને તેનું કાર્ય કરવા લોકોએ પણ મેદાને આવીને તાંડવ કરવું જોઇએ.

એકાદ પ્રકરણમાં આક્રમકતાના દેખાડા કરવાથી કંઇ વળવાનું નથી. નજર ઉતારવા માટે સૌરાષ્ટ્રમાં ગુન્હાખોરી પર તાંડવ કરવું અનિવાર્ય છે. આવું નહિ થાય તો સૌરાષ્ટ્ર બિહાર બની જશે.




# ઈન્ડિગો સંકટમાં : ૧,૪૦૦ ફ્લાઈટ્સ રદ

## સમગ્ર ભારતીય ઉડ્ડયન ક્ષેત્રને અસરગ્રસ્ત : ડઝનબંધ વિલંબને કારણે અરાજકતા ફેલાઈ

નવીદિલ્હી, તા. ૪

દેશની અગ્રણી એરલાઇન, ઇન્ડિગો, હાલમાં એક એવા સંકટનો સામનો કરી રહી છે જે ફક્ત હજારો મુસાફરોને જ નહીં પરંતુ સમગ્ર ભારતીય ઉડ્ડયન ક્ષેત્રને અસર કરે છે. છેલ્લા બે દિવસમાં, કંપનીએ ૨૦૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવી પડી છે, જ્યારે ડઝનબંધ વિલંબને કારણે અરાજકતા ફેલાઈ છે. લાંબી કતારો, ગુસ્સે ભરાયેલા સંદેશાઓ, ગીચ ટર્મિનલ્સ અને અચાનક સમયપત્રક તૂટી પડવાથી પ્રશ્ન ઉભો થયો છે કે ભારતની સૌથી મોટી એરલાઇન કેવી રીતે આટલી ભયંકર રીતે પડી ભાંગી. નોંધપાત્ર હકીકત એ છે કે ઇન્ડિગો પર આ કટોકટી ફક્ત બે દિવસ પૂરતી મર્યાદિત નથી; તે છેલ્લા ૩૦ દિવસથી પીડાઈ રહી છે, જેના પરિણામે ૧,૪૦૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. બુધવાર સવારથી મુંબઈ, હૈદરાબાદ, બેંગલુરુ અને દિલ્હી જેવા મુખ્ય એરપોર્ટ પર લોકો કલાકો સુધી લાઇનોમાં ફસાયેલા જોવા મળ્યા હતા. ઘણા મુસાફરોએ ફરિયાદ કરી હતી કે તેમને એરલાઇન તરફથી સમયસર માહિતી મળી નથી. અચાનક ફ્લાઇટ રદ થવાથી હજારો મુસાફરોની મુસાફરી યોજનાઓ ખોરવાઈ ગઈ છે. કેટલાક વ્યવસાયિક મીટિંગ માટે જઈ રહ્યા હતા, કેટલાક કૌટુંબિક કાર્યક્રમોમાં હાજરી આપવા માટે, અને અન્ય વેકેશન પર હતા. ઇન્ડિગોના સમગ્ર સંચાલનના પતનથી તેઓ બધા હતાશ અને વ્યથિત થઈ ગયા હતા.



મુસાફરોનો ગુસ્સો સોશિયલ મીડિયા પર સ્પષ્ટપણે જોવા મળ્યો. કેટલાકે ફરિયાદ કરી કે તેમને કારણ વગર બોર્ડિંગ નકારવામાં આવ્યું, તો કેટલાકે અફસોસ વ્યક્ત કર્યો કે સેંકડો મુસાફરો લાઇનમાં રાહ જોઈ રહ્યા હતા ત્યારે કાઉન્ટર પર ફક્ત બે કર્મચારીઓ હાજર હતા. કેટલાકે તો વીડિયો પણ પોસ્ટ કર્યા, જેમાં પ્રશ્ન ઉઠાવ્યો કે ભારતની સૌથી વિશ્વસનીય એરલાઇન અચાનક કેવી રીતે અવિશ્વસનીય બની ગઈ. આ કટોકટી અચાનક લાગે છે, પરંતુ તે પાછલા મહિનાથી શરૂ થઈ હતી. નવેમ્બરમાં, ઇન્ડિગોએ ૧,૨૦૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવી પડી હતી, જ્યારે ડિસેમ્બરમાં, વિવિધ કારણોસર બે દિવસમાં ૪૦૦ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. મુસાફરોના અનુભવો પ્રત્યે અસંતોષ ધીમે ધીમે વધતો રહ્યો હતો, જે ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં વિસ્ફોટ થયો. આ કટોકટી કંપનીની આંતરિક નબળાઈઓ, બાહ્ય પરિબળો અને મોસમી દબાણ સહિત અનેક પરિબળોથી ઉદ્ભવી હતી.

ઇન્ડિગોનું સમગ્ર નેટવર્ક ખૂબ જ ચોક્કસ અને ચુસ્ત સમયપત્રક પર કાર્ય કરે છે. આ મોડેલ ક્રૂ અને પાઇલોટ્સ બંનેનો મહત્તમ ઉપયોગ કરે છે. જો કે, ૧ નવેમ્બરના રોજ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા લાગુ કરાયેલ ફ્લાઇટ અને આરામના સમયગાળા અંગેના નવા નિયમોએ સમગ્ર સિસ્ટમ પર નોંધપાત્ર દબાણ લાવ્યું. આ નિયમોએ પાઇલટ ઉડાનના કલાકો ઘટાડ્યા, રાત્રિ ફ્લાઇટ્સ પર પ્રતિબંધો લાદ્યા અને પાઇલટ્સને લાંબા આરામનો સમયગાળો પૂરો પાડ્યો. સલામતી માટે આ નિયમો મહત્વપૂર્ણ હતા, પરંતુ ઇન્ડિગોનું વિશાળ નેટવર્ક નવી પરિસ્થિતિઓને અનુરૂપ થવામાં નિષ્ફળ ગયું. પરિણામે, ઘણી વખત વિમાનો ઉપલબ્ધ હતા પરંતુ તેમને ઉડાડવા માટે પૂરતા ક્રૂ નહોતા. કંપનીના આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ, નવા નિયમો પછી રોસ્ટરિંગ સંપૂર્ણપણે અવ્યવસ્થિત થઈ ગયું હતું. આવી વિક્ષેપો એવી એરલાઇન માટે જોખમી છે જેની કામગીરી મિનિટો અને સેકન્ડો પર આધાર રાખે છે.

# એસિડ હુમલાના પીડિતોની સુનાવણી ધીમી ગતિ પર

### ૨૦૦૯ના કેસની પીડિતા રૂબરૂ હાજર થઈ અને સમજાવ્યું કે ૧૬ વર્ષ પછી પણ તેની ટ્રાયલ પૂર્ણ થઈ નથી : સુપ્રીમની લાલઆંખ



નવીદિલ્હી, તા. ૪

સુપ્રીમ કોર્ટે બુધવારે એસિડ હુમલાના પીડિતો સાથે સંકળાયેલી સુનાવણીની ધીમી ગતિ પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. જ્યારે ૨૦૦૯ના કેસની પીડિતા રૂબરૂ હાજર થઈ અને સમજાવ્યું કે ૧૬ વર્ષ પછી પણ તેની ટ્રાયલ પૂર્ણ થઈ નથી, ત્યારે મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની ધીરજ ખૂટી ગઈ. તેમણે કડક ટિપ્પણી કરી, ''ન્યાય વ્યવસ્થાની આ કેટલી મજાક છે, તે એકદમ શરમજનક છે.'' ઈઉંઈ એ પૂછ્યું, ''જો રાષ્ટ્રીય રાજધાની પણ આને સંભાળી શકતી નથી, તો કોણ કરશે?'' સુનાવણી દરમિયાન, પીડિતાએ કોર્ટને કહ્યું કે ૨૦૦૯ માં તેના પર એસિડથી હુમલો થયો હતો, પરંતુ ટ્રાયલ હજુ પૂર્ણ થઈ નથી. તેણીએ કહ્યું કે જ્યારે તેણી બધી આશા ગુમાવી ચૂકી હતી, ત્યારે જિલ્લા ન્યાયાધીશ ડૉ. પરમિંદર કૌરે તેની ફાઇલ ફરીથી ખોલી અને કેસ આગળ ધપાવ્યો, જેનાથી તેણીને હિંમત મળી. પીડિતાએ એ પણ સમજાવ્યું કે ઘણા કિસ્સાઓમાં, સ્ત્રીઓ પર એસિડ ફેંકવામાં આવતો નથી પરંતુ તેને પીવા માટે મજબૂર કરવામાં આવે છે. આ સ્ત્રીઓ ચાલી શકતી નથી અને કૃત્રિમ ખોરાક આપતી નળીઓની મદદથી જીવી રહી છે.


પીડિતાની દુર્દશા સાંભળ્યા પછી, ઈઉંઈ સૂર્યકાંતે તેણીને આ મામલે જાહેર હિતની અરજી હેઠળ અરજી દાખલ કરવાનું સૂચન કર્યું. તેમણે ખાતરી આપી કે તેઓ ખાતરી કરશે કે કેસની સુનાવણી દરરોજ થાય, એમ કહીને કે વિલંબ હવે સહન કરવામાં આવશે નહીં. CJI એ તમામ રાજ્યો અને તમામ ઉચ્ચ અદાલતોના રજિસ્ટ્રાર જનરલોને નોટિસ ફટકારી, પેન્ડિંગ એસિડ હુમલાના કેસોની વિગતવાર માહિતી માંગી. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે આવા કેસોની સુનાવણી ખાસ અદાલતોમાં થવી જોઈએ, કારણ કે વિલંબ સમગ્ર સિસ્ટમ પર પ્રશ્નો ઉભા કરી રહ્યો છે. સોલિસિટર જનરલ (SG) એ પણ પીડિતોની દુર્દશા પર ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે એસિડ હુમલાને અપંગતા ગણવી જોઈએ જેથી તેઓ વધુ સારો ટેકો અને અધિકારો મેળવી શકે. તેમણે એમ પણ કહ્યું કે આરોપીઓ સાથે સમાન ગંભીરતાથી વર્તવું જોઈએ. CJIએ સંમતિ દર્શાવતા કહ્યું કે આવા આરોપીઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ ન હોવી જોઈએ. SGએ એ પણ નિર્દેશ કર્યો કે આ ઘટના હરિયાણામાં બની હોવાથી, રાજ્યને કેસમાં પક્ષ બનાવી શકાય છે. સુપ્રીમ કોર્ટે ૨૦૦૯ ના એસિડ હુમલાના કેસમાં ૧૬ વર્ષના વિલંબ પર સખત નારાજગી વ્યક્ત કરી. CJI સૂર્યકાંતે પીડિતાની વ્યક્તિગત હાજરીને ન્યાય વ્યવસ્થાની મજાક ગણાવી અને દૈનિક સુનાવણીની ખાતરી આપી. ચાલો સમગ્ર બાબતને વિગતવાર સમજીએ.

### ઈન્ડિગો ફ્લાઈટ મદીનાથી ઉડાન ભરી હતી અને હૈદરાબાદ જતા બોમ્બ ધમકી મળી

# બોમ્બ ધમકી બાદ અ'વાદમાં પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ

નવીદિલ્હી, તા. ૪

બોમ્બ ધમકી બાદ વધુ એક વિમાનને ઇમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી છે. મદીનાથી હૈદરાબાદ જતી ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઊ ૦૫૮ ને કથિત બોમ્બ ધમકી મળ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. ફ્લાઇટમાં ૧૮૦ મુસાફરો અને છ ક્રૂ સભ્યો હતા. બે દિવસ પહેલા, બોમ્બ ધમકીને કારણે મુંબઈ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એરપોર્ટ સૂત્રોએ જણાવ્યું હતું કે ઇન્ડિગો ફ્લાઇટ મદીનાથી ઉડાન ભરી હતી અને હૈદરાબાદ જઈ રહી હતી ત્યારે બોમ્બ ધમકી મળી હતી. અધિકારીઓને એલર્ટ કરવામાં આવ્યા હતા, જેના કારણે વિમાનને ડાયવર્ટ કરવામાં આવ્યું હતું અને અમદાવાદ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. સૂત્રો કહે છે કે ઇમરજન્સી લેન્ડિંગ પછી, બધા મુસાફરોને ખાલી કરવામાં આવ્યા હતા અને વિમાનની તપાસ કરવામાં આવી હતી. એવું જાણવા મળ્યું છે કે એક મુસાફરે દાવો કર્યો હતો કે બોર્ડમાં બોમ્બ છે, જેના કારણે હોબાળો મચી ગયો હતો. વિમાનની તપાસ કરવામાં આવી રહી છે અને શંકાસ્પદ મુસાફરની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.



બે દિવસ પહેલા, મંગળવારે, આવી જ ધમકી મળી હતી, જેના કારણે કુવૈતથી હૈદરાબાદ જતી ઇન્ડિગોની ફ્લાઇટને મુંબઈ ડાયવર્ટ કરવામાં આવી હતી અને ઇમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. ધમકીમાં માનવ બોમ્બ હોવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકી હૈદરાબાદ અને દિલ્હી એરપોર્ટ પર ઈમેલ દ્વારા મોકલવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓને તાત્કાલિક સતર્ક કરવામાં આવી હતી અને ઝડપી કાર્યવાહી કરીને ફ્લાઇટને મુંબઈ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી અને ઇમરજન્સી લેન્ડિંગ કરાવવાની ફરજ પડી હતી. દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ સુરક્ષા એજન્સીઓએ તેમની સતર્કતા વધારી દીધી છે. તેમ છતાં, બે અઠવાડિયા પહેલા, એરપોર્ટ અને વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની વારંવાર ધમકીઓ આપવામાં આવી હતી. ટોરોન્ટો, કેનેડાથી દિલ્હી જતી ફ્લાઇટમાં સૌપ્રથમ બોમ્બની અફવા ફેલાવવામાં આવી હતી અને મુંબઈથી વારાણસી જતી ફ્લાઇટમાં પણ બોમ્બની ધમકી આપવામાં આવી હતી. વધુમાં, કેટલાક બદમાશોએ દિલ્હી એરપોર્ટ, ગોવા એરપોર્ટ અને ચેન્નાઈ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી આપી છે.

બે દિવસ પહેલા, કુવૈતથી હૈદરાબાદ જતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઇટને પણ બોમ્બની ધમકી મળી હતી. ત્યારબાદ ફ્લાઇટને મુંબઈ ડાયવર્ટ કરવામાં આવી હતી. આ ધમકી હૈદરાબાદ એરપોર્ટ પર ઈમેલ દ્વારા મોકલવામાં આવી હતી. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે માનવ બોમ્બ હતો. જોકે, બાદમાં વિમાન મુંબઈ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું, અને મુસાફરોને વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા અને વિમાનનું નિરીક્ષણ કરવામાં આવ્યું, જે બોમ્બની અફવા હોવાનું સાબિત થયું.

# હવાની ગુણવત્તા સુધારવા ઝાકળ ટેકનોલોજી

## અભિગમ અસરકારક સાબિત થાય તો અન્ય સ્થળોએ લાગુ કરાશે : રેખા ગુપ્તા

નવીદિલ્હી, તા. ૪

દિલ્હીમાં પ્રદૂષણ લાંબા સમયથી એક મોટી સમસ્યા રહી છે. ખાસ કરીને શિયાળાની ઋતુ દરમિયાન હવાની ગુણવત્તા ઘણા દિવસોથી સતત નબળી રહી છે. દિલ્હી સરકાર પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવી રહી છે, પરંતુ તેના કોઈ નોંધપાત્ર પરિણામો મળ્યા નથી. હવે, દિલ્હી સરકાર હવાની ગુણવત્તા (AQI) સુધારવા માટે ઝાકળ ટેકનોલોજી અપનાવી રહી છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે જો આ અભિગમ અસરકારક સાબિત થાય છે, તો તેને અન્ય સ્થળોએ પણ લાગુ કરવામાં આવશે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નેતૃત્વ હેઠળ દિલ્હી સરકારે પ્રદૂષણને દૂર કરવા માટે વધુ એક પગલું ભર્યું છે અને ઝાકળ ટેકનોલોજીના પરીક્ષણો શરૂ કર્યા છે. રેખા ગુપ્તા અને મંત્રી આશિષ સૂદે ઈંઝઘ નજીક રસ્તા પર સ્થાપિત ઝાકળ ટેકનોલોજીના કાર્યનું નિરીક્ષણ કર્યું.

અહેવાલો અનુસાર, ITO ખાતે રોડ ડિવાઇડર પર ૧૯ સ્થળોએ ઝાકળ સ્પ્રે સ્થાપિત કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં, ૧૬ વધુ ઇન્સ્ટોલ કરવામાં આવશે. આ ઝાકળ સ્પ્રે પીક ટ્રાફિક અવર્સ દરમિયાન ૧૦-મિનિટના અંતરાલ પર ચલાવવામાં આવશે. આ ઝાકળ સ્પ્રે ડ્રિપિંગ પ્લાન્ટ સાથે જોડાયેલા છે. દિલ્હી સરકારના જણાવ્યા મુજબ, જો આ યોજના અસરકારક સાબિત થાય છે, તો દિલ્હીમાં નવ વધુ હોટસ્પોટના મુખ્ય માર્ગો પર ૩૦૫ મિસ્ટ સ્પ્રે સ્થાપિત કરીને મિસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. પ્રદૂષણ સ્તર ઘટાડવા માટે ITO ખાતે મિસ્ટ સ્પ્રે પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યા પછી, મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, ''અમે પાણીના છંટકાવ ઉપરાંત પ્રદૂષણને દૂર કરવા માટે ઘણી જોગવાઈઓ કરી છે, પરંતુ મિસ્ટ પોતે જ એક મહત્વપૂર્ણ ઉકેલ હોય તેવું લાગે છે.



મુખ્યમંત્રી રેખાએ કહ્યું, ''અમે સૌપ્રથમ NDMC વિસ્તારમાં આનો અમલ કર્યો અને તેના સારા પરિણામો મળ્યા. હવે, દિલ્હી સરકાર દિલ્હીના તમામ રસ્તાઓ પર તેને વિસ્તૃત કરવા માટે એક વિગતવાર યોજના વિકસાવી રહી છે. આના ભાગ રૂપે, અમે આજે ઈંઝઘ ખાતે ઇલેક્ટ્રિક થાંભલાઓ પર મિસ્ટ ઇન્સ્ટોલ કર્યા. અમારા પ્રયાસો સકારાત્મક પરિણામો આપી રહ્યા છે. તેમણે ઉમેર્યું, ''અમે રાજધાનીના નવ હોટસ્પોટમાં ૩૦૫ મિસ્ટ સ્પ્રે ઇન્સ્ટોલ કરવા પર કામ કરી રહ્યા છીએ, જ્યાં પ્રદૂષણ એક ગંભીર સમસ્યા છે. અમે આ માટે વ્યવસ્થા કરી રહ્યા છીએ અને હવે એક વિગતવાર યોજના તૈયાર કરી રહ્યા છીએ.'' અમે આને દિલ્હીના દરેક ખૂણા સુધી લઈ જવા માટે કામ કરીશું. તેમણે વધુમાં કહ્યું કે આ દરેક માટે સારું રહેશે. આપણે બધા સાથે મળીને આ પ્રદૂષણ સામે લડીશું અને આ લડાઈ સફળ થશે.

### આવ તો તારુ કામ છે કહી બહાર બોલાવી કારમાં નાંખી લઈ જવાયો

# સાસુના ઘરેથી યુવાનનું અપહરણઃ ડેલામાં પુરી ધોલાઈ

## નવાગામ આણંદપરની ઘટનાઃ અગાઉ સોફાના કારખાનેદારના પિતા સાથે યુવાનને ઝઘડો થયો હોઈ ખાર રાખી ઉઅપહરણ કરી છરી, ધોકા, કેબલથી ફટકારાયોઃ કુવાડવા પોલીસે કરી FIR દાખલ

રાજકોટ , તા. ૪

જુના મનદુઃખને લીધે બટાઝટીની વધુ એક ઘટના બની છે. જેમાં કુવાડવા રોડના નવાગામ આણંદપર વિસ્તારમાં રહેતા એક યુવાનને તે તેના સાસુ-સસરાના ઘરે હતો ત્યાંથી રાત્રે કારમાં નાંખી અપહરણ કરી નજીકમાં જ આવેલા સોફાના કારખાને લઈ જઈ ઢોર માર મારવામાં આવતાં હોસ્પિટલના બીછાને પહોંચવાની વેળા આવી હતી.





વિગતો પર નજર કરીએ તો યુવાનને નવાાગમમાં જ આવેલા નિલેષાના સોફા બનાવવાના કારખાને-ડેલે લઈ જવાયા બાદ ત્યાં કુલ આઠ જણાએ મરી બેફામ ધોલધપાટ કરી હતી. બાદમાં આ અપહૃતના ભાઈએ પોલીસને જાણ કરતાં હુમલાખોરો તેને છોડીને ભાગી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ હુમલામાં યુવકને છરી, ધોકા અને કેબલ વડે માર મારવામાં આવ્યો હતો. અગાઉ નિલેશના પિતા સાથે આ યુવાનને માથાકુટ થઇ હોઇ તેનો ખાર રાખી ઉઠાવી લઇ ફટકારાયો હતો.નવાગામ સાત હનુમાન ઢોળા પાસે હાલ પોતાના સાસુના ઘરે રહતો મુળ બામણબોરનો કિશોરભાઇ ચોથાભાઇ ગઢાદરા નામનો એકત્રીસ વર્ષનો યુવાન રાતે સાસુ સસરાના ઘરે હતો ત્યારે નવાગામમાં જ રહેતા નિલેષ સહિતના શખ્સો કાર લઇને આવ્યા હતાં અને કિશોર તારુ કામ છે, બહાર આવ કહેતાં પોલીસ આવ્યાનું સમજી તે બહાર જતાં જ તેને કારમાં નાંખી અપહરણ કરી નજીકમાં આવેલા નિલેશના ડેલે લઇ જઇ બેફામ માર મારવામાં આવ્યો હતો.

ત્યારબાદ કિશોરભાઇના ભાઇને જાણ થતાં તેણે પોલીસને જાણ કરી હતી. પોલીસ આવી રહ્યાની ખબર પડતાં બધા ભાગી ગયા હતાં અને કિશોરભાઇને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ પરમાર, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ, પ્રતાપભાઇએ જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ. એ. બ્લોચ સહિતે હોસ્પિટલે પહોંચી કિશોરભાઇની ફરિયાદ પરથી નવાગામમાં રહેતાં અને ત્યાં સોફા બનાવવાનો ડેલો ધરાવતાં નિલેષ પરબતભાઇ હેરમા, પરબતભાઇ અને છ અજાણ્યા શખ્સો સામે ગેરકાયદે મંડળી રચી કિશોરભાઇનું અપહરણ કરી માર મારી ગળો દીધાનો ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે કિશોરભાઇ હાલ તેના સાસુઅસસરા સાથે રહે છે અને મજુરી કરે છે.

રાતે સાડા અગીયારેક વાગ્યે નવાગામ સાત હનુમાન વિસ્તારમાં પોતાના સાસુ-સસરાના ઘરે હાજર હતો. તે સમયે કાળા કલરની ફોર વ્હીલ કારમાં નિલેશ પરબતભાઈ હેરમા અને અન્ય ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા. તેણે કિશોરભાઇને પકડીને જબરદસ્તી ગાડીમાં બેસાડી દઇ ગાળો દીધી હતી અને બાદમાં નજીકમાં સરકારી શાળાની સામે આવેલા નિલેશ હેરમાના સોફા બનાવવાના કારખાના-ડેલામાં લઈ ગયા હતા. જ્યાં નિલેશના પિતાજી તથા અન્ય બે માણસો હાજર હતા. છ જણાએ ભેગા મળીને તેને જેમ ફાવે તેમ માર માર્યો હતો.

એક શખ્સ પાસે છરી હતી, જ્યારે અન્ય લોકો પાસે ધોકા અને કેબલ જેવા હથિયારો હતા જેના વડે તેને શરીરના ભાગે માર મારવામાં આવ્યો હતો. આ હુમલાનું કારણ એ છે કે અગાઉ કિશોરભાઈના મિત્ર જયેશ ધોળકીયા સાથે નિલેશના પિતાજીને ઝઘડો થયો ત્યારે કિશોરભાઇ વચ્ચે પડતાં તેને નિલેશના પિતાજી સાથે માથાકુટ થઈ હતી. તેનો ખાર રાખી અપહરણ કરી ડેલામાં પુરી મારવામાં આવ્યો હતો. હુમલામાં કિશોરભાઈને આંખના ડાબા ભાગે, બંને પગના નળાના ભાગે તથા શરીરે મુંઢ ઈજાઓ થઈ હતી.

બાદમાં બે વ્યક્તિઓ વચ્ચે પડતાં કિશોરભાઈ ત્યાંથી ભાગીને નજીકના ખુલ્લા પ્લોટમાં જતા રહ્યા હતા. ત્યાંથી તેમણે પોતાના ભાઈ મનસુખભાઈને ફોન કરીને જાણ કરી હતી. મનસુખભાઈ, કિશોરભાઈની પત્નિ અને સંબંધીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓને શોધવા પોલીસ ઈન્સ. બી. પી. રજયાના માર્ગદર્શનમાં તપાસનીશે તપાસ શરૂ કરી હતી.

---

### મિત્રને જમી લીધાનું કહી ઓરડીમાં ગયોને લટકી ગયો, કારણ અકબંધ

# બિહારી યુવાને ખાધો ગળેફાંસો

રાજકોટ, તા.૪

શહેરની વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરતા બિહારી યુવાને પોતાના ભાડાના મકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસે તપાસ હાથ ધરી છે



પ્રાપ્ત વિગતો મુજબ રાજકમલ પેટ્રોલ પંપ વાળી શેરી, ગણેશ ડેરી સામે, વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા સતેન્દ્રકુમાર નરેશ મંડલ માતો નામના ૧૮ વર્ષના બિહારી યુવાને આજે બપોરે ભાડાની ઓરડીમાં ગળેફાંસો ખાઈ લેતાતાત્કાલિક તેમને તપાસવા માટે ૧૦૮ને બોલાવાઈ હતી. પરંતુ ૧૦૮ના ઈએમટી ડોક્ટર દિવ્યાબેન રાવલે તેમને જોઈ તપાસીને મૃત જાહેર કર્યો હતો. બનાવને જાણ પરથી તપાસ માટે માલવિયાનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિતેશભાઇ બારૈયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચીને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી

મિતેશભાઇ બારૈયાએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે મૃતક યુવાનના ફોનમાંથી કોઈ એવી શંકાસ્પદ વાત મળી નથી. તેમજ સુસાઇડ નોટ પણ મળવા પામી નથી. તેમની સાથે રહેતા રૂમના અન્ય શ્રમિક યુવાનોને પૂછતા કોઈની સાથે ઝઘડો પણ થયેલો નથી. તેમજ અન્ય એક યુવાને પોતાને જમવાનું કહેતા મૃતક સતેન્દ્રકુમાર માતાએ જમી લીધું હોવાનું જણાવી ગળેફાંસો ખાઈ લીધો હતો. મૃતકને બે ભાઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસનો બહાર આવ્યું છે. હાલમાં મૃતકના વાલીઓને બિહાર ખાતે જાણ કરીને બોલાવવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

**ગબડેલા વૃદ્ધાનું મોત**

૧૫૦ ફૂટ રીંગ રોડ, પરશુરામ ચોકડી પાસે રહેતા વસંતબેન નરસિંહભાઈ પરમાર નામના ૬૦ વર્ષના વૃદ્ધા પરશુરામ ચોકડી પાસે કોઈ કારણોસર ગબડી પડતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં ચાલુ સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટર અંકિતાબેન રાવલે વસંતબેનને મૃત જાહેર કર્યા હતા. સરકારી હોસ્પિટલ ચોકીના એએસઆઈ એ.જી મકવાણાની જાણ પરથી ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગીરીરાજ ઝાલા સહિતના સ્ટાફે આગળની કાર્યવાહી હાથ ધરી છે

**બે યુવતીઓ ગુમ**

શહેરના જુદા જુદા બે વિસ્તારમાંથી બે યુવતીઓ ગુમ થયાને વાલીઓએ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છેજેમાં પ્રથમ જાણમાં શહેરના ૪૦ ફૂટ રોડ, ઓમનગર પ્રજાપતિ સોસાયટીમાંથી આરતીબેન પરસોત્તમભાઈ કુકડીયા નામની ૨૬ વર્ષની અપરણીત યુવતી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા બાદ ઘરે પરત નહીં આવતા ગુમ થનાર યુવતીના ભાઈ શ્યામ કુકડીયાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ જાણ કરી છે. જ્યારે બીજા બનાવમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપરના ઉમિયા ચોકમાં આવેલી વિંગ્સ બિલ્ડિંગમાં રહેતા જાગૃતિબેન દેવશીભાઈ યાદવ નામની ૨૭ વર્ષની યુવતી પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી જતા વાલીઓએ તેમની ખૂબ શોધખોળ કરી હતી પરંતુ ક્યાંય પતો ન લાગતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુમ થયનાર યુવતીના ભાઈ રવિભાઈ દેવશીભાઈ યાદવે જાણ કરી છે.

---

# દારૂ-જૂગારના દરોડાઃ વ્હીસ્કીનો જથ્થો ભરેલી થાર રેઢી મળી

## કુવાડવા ગામમાં PCBનો દરોડોઃ બીજી તરફ ગ્રીનલેન્ડ ચોકડીએ જુગટુ રમતાં છ ઝડપાયા

રાજકોટ , તા. ૪

શહેરમાં દારૂ-જૂગારના દરોડામાં દારૂનો જથ્થો ભરેલી કાર રેઢી પકડી લેવાઇ હતી. તો અન્ય એક સ્થળે જાહેરમાં જૂગાર રમતાં છને પકડી લેવાયા હતા.

શહેરના કુવાડવા ગામ પાસે પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૨.૬૦ લાખના વિદેશી દારૂ ભરેલી થાર જીપ કબ્જે કરી ચાલક અને કારમાલીકની શોધખોળ હાથધરી હતી. મળતી વિગત મુજબ કુવાડવા ગામ પાસે વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર ઉભેલી છે. તેમ પીસીબીના હેડકોન્સ. કરણભાઇ મારૂ અને રાહુલગીરી ગોસ્વામીને બાતમી મળતા પી.એસ.આઇ. પી.બી. ત્રાજીયા સ્ટાફ સાથે કુવાડવા ગામ પાસે પહોંચી ગામમાં એક વેલ્ડીંગની દુકાન પાસે ઉભેલી કાર પાસે જઇને તલાશી લેતા થાર જીપમાંથી રૂ.૨,૬૦,૪૦૦ની કિંમતની વિદેશી દારૂની ૨૦૪ બોટલ મળી આવતા પોલીસે થાર જીપ તથા વિદેશી દારૂનો જથ્થો મળી રૂ.૧૨,૬૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.



જીપના માલીક તથા ચાલકની શોધખોળ હાથધરી હતી. આ કામગીરી ઇન્ચાર્જ પી.આઇ. એમ. આર. ગોંડલીયા, એમ.જે. હુણના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. પી.બી. ત્રાજીયા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.


બીજી તરફ શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે નવી બનતી સાઇડ પાસે કેટલાક શખ્સો જુગારરમતા હોવાની બાતમી મળતા બી-ડીવીઝન પોલીસે દરોડો પાડી તીનપતીનો જુગારરમતા છ શખ્સોને પકડી લીધા હતા. ગ્રીનલેન્ડ ગ્લોરી નામની નવી બનતી સાઇડ પાસે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી મળતા બી-ડીવીઝન પોલીસ મથકના પી.આઇ. એસ. એસ.રાણેના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. એન.પી. ચાવડા તથા કોન્સ જગમાલભાઇ જાદવ, સુખદેવભાઇ દાંતી સહિતના સ્ટાફે દરોડો પાડી તીનપતીનો જુગારરમતા ભગવતપરા મેઇન રોડ મહાકાળી સોસાયટીના અમુ નારણભાઇ બાલસરા, ગંજીવાડા શેરી નં. ૪૮ના જીજ્ઞેશ માવજીભાઇ વાઘેલા, જંગલેશ્વર શેરી નં. ૫ના હૈદર મનસુખભાઇ અંસારી, કુવાડવા રોડ રણછોડદાસબાપુના આશ્રમ સામે ચામુંડા સોસાયટી પાસે દષ્ટિ પાર્કના અમીત કિશોરભાઇ ભેસજાળિયા, ભગવતી પરાના કિરણ લિંબાભાઇ દાતણીયા, તથા મોરબી રોડ કૈલાશ પાર્કના દેવદાન દીલીપભાઇ સોનારાને પકડી લઇ રૂા. ૧૦,૭૩૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી.

---

### રાજકોટ નિવાસી અશોકસિંહજી જયેન્દ્રસિંહ ઝાલાના સુપુત્ર ચિ.કુ.શી જયમલસિંહજીના ૫મી ડિસેમ્બરે શુભલગ્ન

**ચિ. જયમલસિંહ + ચિ.ભૂમિબા(શ્રુતિબા) જાડેજા**

**રાજકોટ :** મૂળ ભરાડા હાલ રાજકોટ નિવાસી અશોકસિંહજી જયેન્દ્રસિંહજી ઝાલાના સુપુત્ર ચિ.કુ.શ્રી જયમલસિંહજીના શુભ લગ્ન પાડાસણ નિવાસી સ્વ. મહાવીરસિંહજી ગજરાજસિંહજી જાડેજાના સુપુત્રી સૌ.કા.ચિ.ભૂમિબા(શ્રુતિબા) સાથે તા.૫.૧૨.૨૦૨૫ના રોજ નિરધાર્યા છે. શુભ પ્રસંગે યોજેલા કાર્યક્રમોમાં તા.૫ ના રોજ સવારે ૭ વાગ્યે ગણેશ સ્થાપન, સવારે ૮ વાગ્યે વેલ પ્રસ્થાન, સવારે ૯ વાગ્યે મંડપ મુહૂર્ત, સાંજે ૫ વાગ્યે સામે ચડવાનું મુહૂર્ત, રાત્રે ૯ વાગ્યે હસ્તમેળાપનું આયોજન કરાયું છે. નવદંપતીને આશીર્વચન આપવા આમંત્રિતોએ સમયસર હાજર રહેવા ઝાલા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



---

### મોજીલા મસ્તીલા રાજકોટમાં માથાકુટ કરવા માટે કોઈપણ કારણ ચાલે

# ના પાડી તો'ય કેમ મંદિરમાં ગયો? આધેડને કરાયા લોહીલુહાણ

## રૈયાધારમાં મંદિરનો ફાળો ન દીધો હોઇ ચામુંડા માતાની અગરબત્તી કરવાની ના પાડી કલરકામના કારીગર પર ફઇનો દિકરો પાઇપથી તૂટી પડ્યો

રાજકોટ , તા. ૪

શહેરમાં મારામારીની ઘટનાઓ સતત બનતી રહે છે. કયા કારણે કોણ કોને પાડી દે તે નક્કી નથી. હવે એક કિસ્સામાં કલરકામ કરી ગુજરાન ચલાવતાં આધેડને તેણે ઘર પાસેના મંદિર માટે ફાળો નહિ દીધાનો ખાર રાખી તેને મંદિરમાં અગરબત્તી કરવાની ના પાડી તેના જ ફઇના દિકરાએ પાઇપથી ફટકારી લોહીલુહાણ કરી દીધા હતાં. બીજી ઘટનામાં છોકરાઓની તકરારમાં એક ત્યક્તા મહિલાને તેના જ સગા ભાઇ-ભાભીએ ઢીકા-પાટા-ફડાકા મારી માથે જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રૈયાધાર વિસ્તારમાં આવેલા ઇંદિરાનગર પાસેની મારવાડી કોલોનીમાં મંદિરના ફાળાની બાબતે કલરકામના કારીગર રાજસ્થાની આધેડ પર તેના જ ફઇના દિકરાએ લોખંડના પાઇપથી હુમલો કરી આડેધડ માર મારતાં તેને લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પોલીસે ગુનો નોંધ્યો છે. કામેથી આવ્યા બાદ આ આધેડ ઘર પાસેના શ્રીચામુંડા માતાના મંદિરમાં અગરબત્તી કરીને બહાર આવતાં જ તેના ફઇનો દિકરો પાઇપથી તૂટી પડચો હતો. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મારવાડી કોલોનીમાં ઝૂપડામાં રહેતાં મુળ રાજસ્થાનના નાગોર જીલ્લાના પ્રીતીપરા ગામે રહેતાં અને કલર કામની મજૂરી કરતાં સજ્જનભાઇ ઉર્ફ સાજનભાઇ માંગીલાલ પવાર નામના પિસ્તાલીસ વર્ષના આધેની ફરિયાદ પરથી બાજુમાં જ રહેતાં તેના ફઇના દિકરા ગોમારામ ઉર્ફ ઓમારામ સુધનારામ ભાટી વિરૂધ્ધ એફઆઇઆર નોંધી હતી.

વિગતો જણાવતાં સજ્જનભાઇએ જણાવ્યું હતુ કે હું મારા પત્નિ સંતોષબેન, દિકરા ક્રિષ્ના અને રવિ સાથે રહુ છું અને કલરકામની મજૂરી કરી ગુજરાન ચલાવુ છું. સાંજે ચારેક વાગ્યે હું મોરબી કામ ચાલતું હોઇ ત્યાંથી ઘરે આવ્યો હતો. એ પછી આઠેક વાગ્યે અમારા ઘર નજીક આવેલા શ્રીચામુંડા માતાજીના મંદિરે અગરબત્તી કરવા જતો હતો ત્યારે મંદિર પાસે હાજર મારા ફઇના દિકરા ગોમારામ ઉર્ફ ઓમારામ ભાટીએ મને બોલાવ્યો હતો અને કહ્યું હતું કે-તે મંદિરનો ફાળો આપ્યો નથી જેથી તું મંદિરમાં જતો નહિ. આમ છતાં હું મંદિરમાં અગરબત્તી કરવા ગયો હતો.



**છોકરાની તકરારમાં ત્યકતાને સગા ભાઇ-ભાભીએ લાફ, ઘુંબા માર્યાઃ માથે જતાં ભાઇએ આપી દીધી ખૂનની ધમકી**

અગરબત્તી કરીને પરત ઘર તરફ જતો હતો ત્યારે ગોમારામ ઉર્ફ ઓમારામ મંદિરની બહાર જ હાથમાં લોખંડનો પાઇપ લઇને ઉભો હતો. તેણે મન 'તને ના પાડી છતાં કેમ મંદિરમાં ગયો?' કહી માથામાં પાઇપનો ઘા મારી દીધો હતો. હું પડી જતાં હાથમાં પણ ઘા ફટકારતાં લોહી નીકળવા માંડતા હું રાડારાડી કરવા માંડ્યો હતો. આ વખતે મારા પત્નિ સહિતના આવી જતાં મને બચાવ્યો હતો અને ૧૦૮ બોલાવી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. તેમ વધુમાં સજ્જનભાઇએ કહેતાં એએસઆઇ જે. એલ. બાળાએ ગુનો નોંધ્યો હતો.

બીજા બનાવમાં રાજકોટ તા. ૪ઃ શહેરના નાણાવટી ચોક નજીક આવેલા આરએમસી ક્વાર્ટર વિસ્તારમાં એક પારિવારિક વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ હતું. જેમાં એક ત્યક્તા પર તેણીના સગા ભાઈ અને ભાભીએ મળીને હુમલો કર્યો હતો. બાળકોને રમાડવા જેવી બાબતે આ ડખ્ખો થયો હતો.

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે નાણાવટી ચોક નંદનવન સોસાયટી પાસે આરએમસી ક્વાર્ટર નં. ૧૩ બ્લોક નં. ૭૧૪માં રહેતાં છવ્વીસ વર્ષના કાજલબેન અતુલભાઇ મકવાણાની ફરિયાદ પરથી ક્વાર્ટરમાં જ નીચેના ભાગે રહેતાં તેણીના સગા ભાઇ જય અતુલભાઇ મકવાણા અને ભાભી જ્યોતિબેન જય મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. કાજલબેને જણાવ્યું છે કે તે તેના ત્રણ વર્ષના દીકરા દેવાંશ સાથે ક્વાર્ટરમાં રહે છે. તેણીને પતિ સાથે બે વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ચૂક્યા છે. તેણીના સગા ભાઈ જયભાઈ મકવાણા અને ભાભી જ્યોતિબેન નીચેના ક્વાર્ટરમાં અલગથી રહે છે. કાજલબેનનો દિકરો દેવાંશ નીચે પાર્કિંગમાં રમતો હતો. તે સમયે જ્યોતિબેન તેમના દિકરા વંશ સાથે ત્યાં હાજર હતા અને તેમણે પાડોશી અયાન મકરાણીને વંશને રમાડવા લઈ જવા કહ્યું હતું. જ્યારે દેવાંશ પણ રડતાં રડતાં અયાનની પાછળ ગયો, ત્યારે કાજલબેને અયાનને વિનંતી કરી કે તે દેવાંશને પણ સાથે રમાડવા લઈ જાય.

આ વાત ભાભી જ્યોતિબેનને સારી ન લાગી નહોતી. બાદમાં થોડા સમય બાદ જ ભાઈ જય મકવાણા અને ભાભી જ્યોતિબેન કાજલબેનના ઘરે આવી બહેન કાજલબેનને ભાભી સાથે બોલાચાલી કરવા બદલ ઠપકો આપવાનું શરૂ કર્યુ હતું તેમજ ગાળો દીધી હતી. કાજલબેને ગાળો દેવાન ના પાડતાં ભાઇ જય અને ભાભી જ્યોતિબેને વધુ ઉશ્કેરાઇ જઇ ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ મોઢા પર ઝાપટો મારી હતી. ઝઘડો કરીને જતાં-જતાં ભાઈ જયએ હવે પછીં 'તારા ભાભીનું નામ લેતી નહીં, નહીંતર તને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો હતો.

### સોશિયલ મિડીયાનો વધુ બે કિસ્સામાં થઇ ગયો છેતરપીંડી કરવામાં ઉપયોગ

# જાહેરાત જોઈ લલચાતા લાખોનો ‘ધૂમ્બો’

## રોકાણ પર મોટા નફાની જાહેરાત વાંચી મહિલા લલચાયા અને દસ લાખ ગુમાવ્યાઃ બીજી આવી જ ઘટનામાં વેપારી પણ લિકંને આધારે ત્રણ લાખમાં છેતરાઇ ગયાઃ ત્રીજી ઘટનામાં વિદેશ ટૂરના નામે મહિલાને સવા બે લાખનો ચૂનો


રાજકોટ, તા. ૪

ઓનલાઇન સુવિધા લોકો માટે ખુબ જ ઉપયોગી છે. આ સુવિધાને કારણે ગઠીયાઓ તેનો ભરપુર દુરૂપયોગ કરી લોકોને છેતરી રહ્યા છે. ઓનલાઇન એપ્લીકેશનમાં આવેલી શેરબજારમાં નાણા રોકવાથી મોટો નફો મળશે તેવી જાહેરાતને આધારે મહિલા લલચાયા હતાં અને ગઠીયાઓએ મહિલા પાસેથી દસ લાખ પડાવી લીધા છે. બીજી એક ઘટનામાં પણ વેપારી શેર બજારમાં કમાણી કરવા જતાં ઓનલાઇન પોણા ત્રણ લાખથી વધુની રકમ ગુમાવી દીધી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ઓનલાઇન ફ્રોડના કિસ્સાઓનો કોઇ અંત આવી રહ્યો નથી. ગાંધીનગરના મહિલાએ ફેસબુક પર શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની જાહેરાત જોઇને સંપર્ક કર્યા બાદ તેને કોટક સિક્યુરીટીઝ નામના વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતાં. બાદમાં લીંક મોકલીને રોકાણના નામે ગઠિયાએ રૂપિયા દસ લાખ પડાવી લીધા હતાં. જોકે મહિલાએ સાયબર ક્રાઇમ પોલીસનું શરણુ લેતાં રૂપિયા ૫.૧૮ લાખ પરત મળ્યા હતાં. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં દિકરી સાથે રહેતા અને પીજી ચલાવતા રક્ષાબેન મધુકાંત ભટ્ટ દ્વારા આ સંબંધે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમાં જણાવ્યા -માણે તેમણે ફેસબુક પર શેરબજારમાં રોકાણ કરીને આકર્ષક વળતર મેળવવા સંબંધેની જાહેરાત જોઇ હતા.

તેમાં સ્ટોક માર્કેટ એનાલીસીસ, શેરીંગ અને ગાઇડન્સ આપવાની વાતો સામેલ હતી. જેના પગલે રક્ષાબેને જાહેરાતમાં જણાવ્યા -માણેનું વોટ્સએપ ગ્રુપ સવા વર્ષ પહેલા જોઇન કરી લીધુ હતું. તેમણે જોકે બે મહિના સુધી ગ્રુપમાં થતી ગતિવિધિઓનું નિરિક્ષણ કર્યુ હતું. દરમિયાન આવેલા વોટ્સએપ કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે તગડા વળતરની વાતો કરીને લીંક મોકલી હતી. જેને કલીક કરતાં કોટક નીઓ નામની એપ્લિકેશન ઓપન થતાં રજીસ્ટ્રેશન કર્યુ હતું.

બાદમાં તેમાં રોકાણ કરવાનું શરૂ કરાવીને ભારતી લોંગોવાલ નામધારી વ્યક્તિએ તેમની




પાસે દસ લાખ જેટલું રોકાણ જુદા જુદા બેંક ખાતાઓમાં કરાવી દીધુ હતું. બાદમાં ગઠિયાઓએ તેમને ગ્પમાંથી રિમુવ કરી દેતા છેતરાઇ ગયાની જાણ થતાં સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નંબર ૧૯૩૦ પર જાણ કરી હતી. પોલીસે તુરંત કાર્યવાહી કરતા રૂપિયા પાંચ લાખ અઢાર હજાર પરત મળ્યા હતાં. પરંત ચાર લાખ બ્યાંસી હજાર પરત નહીં મળતાં આખરે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં અમદાવાદમાં વેપારી છેતરાયા હતાં. નિકોલમાં શેરબજારમાં તગડો નફો કમાવવાની લાલચમાં વેપારીએ રૂપિયા ૨.૮૮ લાખ ગુમાવ્યા હતા. જેમાં સાયરબર ગઠિયાએ ફેસબુકમાં એપ્લીકેશનની લિંક મોકલી ડાઉનલોડ કરાવી પતિ-પત્નિનું બેન્ક ખાતું ખાલી કરી દીધું હતું. નિકોલ પોલીસે અજાણી વ્યકિત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નિકોલમાં રહેતા વેપારીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં અજાણી ત્રણ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે પંદર દિવસ પહેલા વેપારી ફેસબુકમાં કેપિટલ બજારનો ઇન્વેસ્ટમેન્ટનો મેસેજ જોયા બાદ આપેલી લિંક ઉપર ક્લિક કરતા અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને ટ્રેડિંગ કરવા અંગેની વાત કરી હતી.

શેરબજારમાં રોકાણ કરીને સારો નફો કમાવવાની લાલચ આપીને લિંક મોકલીને કેપીટલ બજાર નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને આઇડી બનાવી આપ્યા બાદ વેપારી અને તેમની પત્નિના બેન્ક એકાઉન્ટમાંથી ધડાધડ કુલ રૂપિયા ૨.૮૮ કાઢી લીધા બાદ વેપારીએ ફોન કરતા બંધ હતો અને રૂપિયા વિડ્રો પણ થતા ન હતા. આથી પોતાને છેતરાઇ ગયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી.

ત્રીજી ઘટનામાં અમરેલીમાં નિવૃત મહિલા કર્મી અને સમાજની સેવાકીય પ્રવૃતિ કરતા મહિલા સાથે અમેરીકા ટુરમાં લઈ જવાનું કહી રૂપિયા ૨.૨૪ લાખની છેતરપીંડી એક શખ્સે આચરી હતી. અમરેલીમાં નાગનાથ પાસે નશવ કોમ્પલેક્ષમાં રહેતા પાંસઠ વર્ષના આશાબેન જયંતિલાલ દવેએ અમરેલીમાં સ્વામીનારાયણ મંદિર તથા અમેરીકામાં રહેતા કૌશિક ભગવાનભાઈ મીસ્ત્રી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમને કૌશિક મીસ્ત્રીએ સસ્તામાં અમેરીકા ટુરમાં લઈ જવાનો વિશ્વાસ આપ્યો હતો. પહેલા ૧,00000 રોકડા અને બાદ બીજા રૂપિયા ૨,00,000 આરટીજીએસ મારફત નાણાં લીધા હતા. ત્યારબાદ માત્ર અમેરીકાની ટીકીટ બુકીંગ કરાવી આપી હતી. પરંતુ હોટલ બૂકીંગ કે અન્ય ખર્ચ કરવાની કૌશિક મીસ્ત્રીએ ના પાડી દીધી હતી. આશાબેન દવેએ અમેરીકા ટુરમાં જવાનું કેન્સલ કરતા બાકી રહેતા રૂપિયા ૨.૨૪ લાખ પરત આપવાની ના પાડી છેતરપીંડી આચરી હતી. આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં ગુનો નોંધાતા પીએસઆઈ જે.બી.ત્રિવેદીએ તપાસ હાથ ધરી હતી.

### તારે અહીંયા આવવું નહીં કહી તૂટી પડ્યા

# રિક્ષાચાલકને પાડોશીએ છરી હુલાવી

## વૃધ્ધ માતાને પણ પછાડી દીધાઃ સત્યમ્ પાર્કના પ્રૌઢની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસે દાસી જીવણપરાના બાપ-બેટા સહિત સામે દાખલ કરી એટ્રોસીટી

રાજકોટ, તા. ૪

મારામારીની વધુ એક ઘટનામાં શહેરના એંસી ફુટ રોડ પર સત્યમ્ પાર્કમાં રહેતાં રિક્ષાચાલક પ્રૌઢ દાસી જીવણપરામાં રહેતાં માતાના ઘરે ગયા ત્યારે ત્યાં સામેના ફલેટમાં રહેતાં પિતા-પુત્ર સહિત ત્રણ જણાએ આ વિસ્તારમાં તારે આવવુ જ નહિ કહી ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી છરીથી હુમલો કરી મારી નાખવાની ધમકી આપતાં અને પ્રૌઢના વયોવૃધ્ધ માતા બચાવવા વચ્ચે આવતાં તેમને પણ ધક્કો મારી પછાડી દેતાં એફઆઇઆ દાખલ થઇ છે. આ બનાવમાં માલવીયાનગર પોલીસે ૮૦ ફુટ રોડ પર હુન્ડાઇના શો રૂમ સામે સત્યમ્ પાર્ક-૧માં રહેતાં રિક્ષાચાલક જયસુખભાઇ રામજીભાઇ મુછડીયા નામના ઓગણપચાસ વર્ષના પ્રૌઢની ફરિયાદ પરથી ભૂપત ભટ્ટ, હાર્દિક ભટ્ટ અને અજાણ્યા સામે જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ગાળો દઇ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા સબબ કાર્યવાહી થઇ છે.



વિગતો જોઇએ તો જયસુખભાઇ સત્યમ્ પાર્કમાં પરિવાર સાથે રહે છે. તેના માતા લક્ષ્મીબેન રામજીભાઇ મુછડીયા જે એંસી વર્ષન છે તેઓ નાના મવા રોડ દાસી જીવણપરા-૫માં આવેલા વૃજભુમિ એપાર્ટમેન્ટની સામે મોમાઇ કૃપા નામના મકાનમાં રહે છે. જયસુખભાઇ ગત સાંજે માતાના ઘર પાસે હતાં ત્યારે માતાના પડોશમાં વૃજભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતાં ભૂપત ભટ્ટ, તેના દિકરા હાર્દિક ભટ્ટ અને અજાણ્યાએ ઝઘડો કરી માર મારી છરીથી ઇજા પહોંચાડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસે તેની ફરિયાદ નોંધી હતી. જયસુખભાઇએ જણાવ્યું છે કે તે તેની માલિકીની રિક્ષા જીજે૦૩એયુ-૭૨૩૯ લઇને માતાના ઘરે બુધવારે સાંજે ગયા હતાં. રિક્ષા શેરીમાં પાર્ક કરી હતી.

એ વખતે જ સામેના વ્રજભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા ભુપત ભટ્ટ અને તેનો દીકરો હાર્દિક ભટ્ટ તેમજ એક અજાણ્યો શખ્સ આવ્યા હતાં. આ ત્રણેયએ તેને આ વિસ્તારમાં ન આવવા માટે કહી ધમકાવવાનું શરૂ કર્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બોલાચાલી દરમિયાન જયસુખભાઇને જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો પણ કહ્યા હતાં. આ પછી ભુપત ભટ્ટે જયસુખભાઈનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. દેકારો થતાં જયસુખભાઇના માતા લક્ષ્મીબેન વચ્ચે છોડાવવા આવતા આરોપીઓએ તેમને પણ ધક્કો મારી નીચે પાડી દીધા હતા. ત્યારબાદ ભુપત ભટ્ટે તેના દીકરા હાર્દિક ભટ્ટ અને અજાણ્યા શખ્સને બોલાવી ‘આને મારી નાખો’ તેમ કહેતા હાર્દિક ભટ્ટે પોતાની પાસે રહેલી છરી અજાણ્યા શખ્સને આપી હતી.

બાદમાં અજાણ્યાએ જયસુખભાઈને પાછળના ભાગે જમણા ખભા ઉપર છરીનો ઘા માર્યો હતો. આથી લોહીલુહાણ થઇ ગયા હતાં. બાદમાં તે પોતાના માતાને તેમના ઘરે મુકી ભત્રીજાન મિલનને ફોન કરી બોલાવી હોસ્પિટલે પહોંચતા દાખલ કરાયા હતાં. પીએસઆઇ આર. આર. કોઠીયાએ તેમની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. જયસુખભાઇ માતાના ઘરે જતાં હોઇ તે વાત ભટ્ટ પિતા-પુત્રને ગમતી ન હોઇ ખાર રાખી હુમલો કરાયાનું જણાવાતાં પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે. એસસીએસટી સેલના એસીપીના સુપરવીઝનમાં આ કેસની તપાસ કરવામાં આવી રહી છે .

### જુદા જુદા સાત બનાવમાં પરિવારોએ ગુમાવી દીધા પોતાના સ્વજનો

# અકસ્માતની ઘાતઃ યુવાન-પરિણીતાના મોત

## હટાણુ કરીને જઇ રહેલા યુવાનનું ટુવ્હીલર સ્લીપ થવાથી, માવતરેથી સાસરે જઇ રહેલી પરિણીતાનું ડમ્પરની ઠોકરે મોતઃ મહિલા અને પ્રૌઢના દિલની દગાખોરીથી અને અન્ય એક પ્રૌઢનું હ્દય રોગના હુમલાથી મોતઃ અગીયાર વર્ષના બાળકનુ બેભાન હાલતમાં મોત

રાજકોટ, તા. ૪

વાહન અકસ્માતની ઘાત વધુ બે લોકોના જીવ લઇ ગઇ છે. જેમાં એક યુવાન હટાણુ કરીને પરત ગામમાંથી વાડીએ જતો હતો ત્યારે મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં મોત થયું હતું. તો બીજા બનાવમાં એક પરિણીતા માવતરના ઘરેથી ચાલીને પોતાના ઘરે લાલપરી તરફ જતી હતી ત્યારે ડમ્પરની ઠોકરે આવી જતાં મોત થયું હતું. અન્ય બે બનાવમાં એક પ્રૌઢનું અને એક મહિલાનું દિલની દગાખોરીથી અને એક પ્રૌઢનું બિમારીથી મોત થયું હતું. જ્યારે એક યુવાને ઝેરી દવા પી જીંદગીનો અંત આણી લીધો હતો. જ્યારે અગીયાર વર્ષના બાળકનું પણ બેભાન થઇ જવાથી મોત થયું હતું. આમ સાત અપમૃત્યુની ઘટનાઓ મૃતકોના સ્વજનોને શોકમાં ધકેલી ગઇ હતી.



પ્રથમ ઘટના પર નજર કરીએ તો જુનાગઢના ભેંસાણના નવાણીયા ગામે અરવિંદભાઇની વાડીમાં રહી મજૂરી કરતાં યુવાનને ગામ નજીક બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં મોત થયું છે. તે વાડીએથી ગામમાં હટાણુ કરવા ગયો હતો અને પરત આવતો હતો ત્યારે બનાવ બન્યો હતો.નવાણીયા ગામે રહેતો અનિલભાઇ ભંવરીલાલ સિંગર નામનો પચ્ચીસ વર્ષનો યુવાન સાંજે બાઇક હંકારી વાડીએથી ગામમાં કરીયાણાની ચીજવસ્તુ લેવા ગયો હતો. પરત વાડીએ આવતી વખતે રસ્તામાં સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં બીલખા, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.

પરંતુ મોડી રાતે મોત થતાં મજૂર પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર અનિલભાઇ મુળ એમપીનો વતની હતો. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભેંસાણ પોલીસને જાણ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો ગોંડલ રોડ ચોકડીએ પગપાળા જઇ રહેલી પરિણીતાનું ડમ્પરની ઠોકરે ચડી જતાં મોત થયું છે. આજી વસાહતમાં રહેતા પિતાના ઘરેથી પગપાળા પોતાના ઘેર પરત ફરી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. લાલપરી વિસ્તારમાં રહેતી સોનલબેન ભાવિનભાઈ સોલંકી નામની બાવસ વર્ષની પરિણીતા આજી વસાહતમાં રહેતા તેમના પિતાના ઘરે ગઇ હતી. ત્યાંથી ગત સાંજે તેણી ચાલીને પોતાના ઘેર પરત ફરી રહી હતી ત્યારે ગોંડલ ચોકડી નજીક રસ્તો ઓળંગતી વખતે ડમ્પરની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર સોનલબેન મુળ ગોંડલની વતની હતી અને બે ભાઇ અને બે બહેનમાં મોટી હતી. એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતાં. તેના પતિ ભાવીન સોલંકી મજુરી કરી ગુજરાન ચલાવે છે. માવતરના ઘરેથી પરત ફરતી વખતે આ બનાવ બન્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે ડમ્પર ચાલક સામે કાર્યવાહી કરી હતી.

અપમૃત્યુની ત્રીજી ઘટનામાં નવાગામ સોસાયટીમાં અમુલ ડેરી પાસે શેરી નં. ૧૦/૪ના ખુણે રહેતાં રમેશભાઇ ધનજીભાઇ લુંભાણી નામના તેતાલીસ વર્ષના યુવાને અકળ કારણોસર ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કુવાડવા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ચોથા બનાવમાં રણુજા મંદિર પાસે બાલાજી પાર્કમાં રહેતાં મુકેશભાઇ રણછોડભાઇ વાઘેલા નામના છપ્પના વર્ષના પ્રૌઢ તેના ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં મોત થયું હતું. તે કબાટ બનાવવાનું કામ કરતાં હતાં. સંતાનમાં એક દિકરો છે. હાર્ટએટેક જીવલેણ સાબીત થયો હતો.

પાંચમી ઘટનામાં કોઠારીયા રોડ વિવેકાનંદનગર-૫માં રહેતાં હંસાબેન હરસુખભાઇ ડઢાણીયા નામના પંચાવન વર્ષના મહિલા ઘરે બેભાન થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં. તેમના પતિ હયાત નથી, સંતાનમાં બે દિકરા છે. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. જ્યારે છઠ્ઠા બનાવમાં ભગવતીપરામાં રહેતાં અશોકભાઇ પ્રાણશંકરભાઇ ભટ્ટ નામના પ્રૌઢ જ્યુબીલી ચોક પાસે બિમારીને લીધે બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ મૃત્યુ થયું હતું. આમ છ ઘટનામાં જુદા જુદા પરિવારોએ સ્વજન ગુમાવી દીધા હતાં.

અન્ય એક સાતમા બનાવમાં એક બાળકનું બેભાન થઇગયા બાદ મોત થયું હતું. રૈયા રોડ પર હનુમાન મઢી પાસે છોટુનગર મફતીયાપરામાં રહેતો ૧૧ વર્ષનો અર્જુન અજયભાઇ વડેચા નામનો અગીયાર વર્ષનો બાળક ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. અર્જુન બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. તેના પિતા શાકભાજી અને ભંગારની ફેરી કરી ગુજરાન ચલાવે છે. તે પાંચ વર્ષનો હતો ત્યારથી આંચકીની બિમારી હતી. આ બિમારીને કારણે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

### ઈન્સ્ટાગ્રામ પર વર્ક ફ્રોમ હોમની જાહેરાત વાંચી કલીક કર્યુ ને છેતરાયા

# ટાસ્કથી કમાવવા જતાં મહિલાએ ગુમાવ્યા ૩૧।। લાખ

## શરૂઆતમાં એક ટાસ્ક પુરો કરતાં એકસો એંસી રૂપિયા મળ્યા, પછી વીસ હજાર જમા થયાઃ છેલ્લે લાખોની રકમ વીડ્રો કરવી હોય તો ટેક્સના ચૌદ લાખ ભરો તેમ કહી ફદીયુંય ન અપાયું

રાજકોટ, તા. ૪

ઓનલાઇન ગઠીયાગીરીની ઘટનાઓ એક દિવસ પણ ન બને તેવું થતું નથી. રોજેરોજ કોઇને કોઇ લોકો ગઠીયાઓનો શિકાર બની જાય છે. વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં ઓનલાઇન હોટેલ અને ગૂગલ મેપને રેટીંગ આપી પાર્ટટાઇમ જોબ કરી કમાણી કરવાના નામે મહિલાને છેતરી એકત્રીસ લાખ એકસઠ હજાર રૂપિયા ગઠીયા ઉસેડી ગયા છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા વ્યવસાયિક મહિલા સાથે હોટલ અને ગૂગલ મૅપને રેટિંગ આપવાની પાર્ટટાઈમ જોબના નામે ઠગ ટોળકીએ ૩૧.૬૧ લાખ રૂપિયાની ઠગાઈ કરી છે. મહિલાએ આ મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગોત્રી રોડ પર મહિલાએ વડોદરા સાયબર ક્રાઈમ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હું પ્રાઈવેટ કંપની ચલાવું છું.મે ઈન્સ્ટાગ્રામ પર વર્ક ફ્રોમ હોમની જાહેરાત જોઈ હતી, જે ક્લિક કરી મેં મારું નામ મોબાઈલ નંબર સહિતની ડિટેઈલ ભરી હતી. ત્યારબાદ મને સાયબર માફિયા ટોળકીનો વોટ્સએપ પર એવો મેસેજ મળ્યો હતો કે એક પાર્ટ ટાઈમ જોબ છે, જેમાં તમારે હોટલ અને ગુગલ મેપ પર ફાઈવ સ્ટાર રેટીંગ આપવાના રહેશે. ત્યારબાદ મને એક ટેલિગ્રામ ગ્રુપમાં એડ કરીને મારી પાસેથી બેંક ખાતા સહિતની વિગતો મોલકીને એક ટાસ્ક આપ્યો હતો.

આ પુરો કરીને ટેલિગ્રામમાં મોકલેલી લીંક પર મોકલતા મારા બેંક ખાતામાં ૧૮૦ રૂપિયા જમા થયા હતા. ત્યારબાદ મને બીજા ટાસ્ક કરીને વધુ પૈસા કમાવવા માંગો છો ? તેવું મેસેજમાં પુછતાં મે હાં પાડી હતી અને મને ટેલિગ્રામ લીંક મોકલી તેમાં રોજના વીસ ટાસ્ક પુરા કરવા કહ્યું હતું અને તેના પેટે ૨૦૭૧૦ રૂપિયાની સેલેરી



આપી હતી. આ રીતે મને વિશ્વાસમાં લેવાઇ હતી અને બાદમાં રોજના ૧૦ હજાર કમાવવા માંગીએ છે તેવો મેસેજ મોકલતાં મને ઈન્વેસ્ટ કરીને વધુ નાણાં કમાવવાની વિવિધ સ્કીમ આપી હતી.

ઠગ ટોળકીએ મને અલગ અલગ બેંક ખાતા નંબર મોકલ્યા હતા જેમા મેં કુલ ૩૧ લાખ ૬૧ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ મેં મારા નાણાં વીડ્રો કરવાનો પ્રયાસ કરતાં નાણાં વીડ્રો થયા નહોંતા અને ઠગ ટોળકીએ મારા નાણાં પરત જોઈતા હોય તો ટેક્સ પેટ ચૌદ લાખ ભરવા પડશે તેમ જણાવ્યું હતું. આથી મને છેતરાઇ ગયાની ખબર પડતાં મેં મારા પિતાને આ વિગતોની જાણ થયાં તેમણે ફરિયાદ કરવા કહ્યું હતુ અને મે સાયબર ક્રાઈમ ટોલ ફ્રી નંબર ૧૯૩૦ પર અરજી કરી હતી. આ ફરિયાદના પગલે પોલીસે ઠગ ટોળકી સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આમ મહિલા ઘરે બેઠા ટાસ્ક થકી કમાણી કરવા જતાં લાખોમાં છેતરાઇ ગયા હતાં.

ઠગોએ ટાસ્ક કરવા માટે ડિપોઝિટની રકમ જમા કરવાનો આગ્રહ રાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો તમે રૂ.૧,000 રોકશો તો તેના ઉપર ૧૩00 મળશે. રૂ.૩,000 તો તેના ઉપર ૩૯00 અને ૫000 રોકશો તો ૬,૫00 મળશે. ત્યારબાદ ઠગોએ રૂ ૧૩00 જમા કરાવ્યા હતા અને મહિલાને વીઆઈપી ગ્રુપમાં સામેલ કરી હતી. ચાર જણના ગ્રુપમાં ૩000 ૧૫000 અને ૪0,000 ની રકમ ભરપાઈ કરવાની સ્કીમ હતી. ઠગોએ મહિલાને રૂ.૪0,000 ની ડિપોઝિટવાળા કામમાં ભૂલ છે તેમ કહી ફરીથી બીજા ત્રણ ટાસ્ક લેવા પડશે એમ કહ્યું હતું. પોલીસે કહ્યું છે કે, મહિલા પાસે જુદા જુદા બહાના કાઢીને ઠગોએ ૩૧.૬૧ લાખ પડાવી લીધા હતા. જ્યારે મહિલાને માત્ર ૨0000 મળ્યા હતા. મહિલાએ પોતાની રકમ છૂટી કરવા માટે લોન લેવાની તૈયારી કરતા તેના પિતાએ અટકાવી હતી.

## પરદેશમાં જઇને બે પાંદડે થવાની લ્હાયમાં અનેક લોકો ગુમાવે છે નાણા

# વર્ક પરમીટના નામે મિત્રોને ચોવીસ લાખનો ચૂનો

### બીજી તરફ રિક્ષામાં મુસાફરોને બેસાડી લૂંટી લેતાં બંટી-બબલી પકડાયાઃ પખવાડીયામાં કરી હતી ચાર લૂંટ

રાજકોટ, તા. ૪

અનેક લોકો એવા હોય છે જે પોતાના દેશથી સાત સમંદર પાર પરદેશમાં જઇને પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છુક હોય છે. પરદેશમાં વેપાર નોકરી ધંધા થકી પોતે બેપાંદડે થવા પ્રયાસ કરતાં હોય છે. પરંતુ ઘણીવાર આવા પ્રયાસોમાં તેઓને ગઠીયાઓ લાખો કરોડોનો ચૂનો લગાવી જાય છે. વર્ક પરમીટ વિઝાના કિસ્સા એક ભુલો ત્યાં બીજો સામે આવી જાય છે. લગભગ દરરોજ કે એકાંતરા આવા બનાવ સામે આવે છે. દરમિયાન એક મહિલા એજન્ટ સહિત પાંચ ગઠીયાઓની ટોળકીએ જ્યોર્જીયાના વર્ક પરમીટ વિઝાના નામે ચોવીસ લાખ પાંત્રીસ હજારની ઠગાઇ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મહાદેવીયા ગામના યુવકે અને તેમના મિત્રોને જ્યોર્જિયાની વર્ક પરમીટ વિઝા બનાવી આપવાના બહાને વડોદરાના નટુભાઈ સર્કલ પાસે આવેલા મહિલા ઠગ એજન્ટ સહિત પાંચ શખ્સોએ મળીને રૂપિયા ચોવીસ લાખ પાંત્રીસ હજાર રૂપિયા પડાવી લીધા હતા. પરંતુ આ ગેંગ દ્વારા કોઈ વિઝા નહીં બનાવી આપતા યુવકે રૂપિયા પરત માંગ્યા હતા. જેની પૂરેપૂરી રકમ પરત નહીં કરતા તેણે ગેંગ સામે વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મહાદેવીયા ગામના ઓગણચાલીસ વર્ષના દિનેશભાઈ જીવનભાઈ આચાર્યએ પોલીસ ફરિયાદ પ્રમાણે સોશિયલ મીડિયા પરની જાહેરખબરથી રિધાન ઈમિગ્રેશનનો સંપર્ક કર્યો હતો.




વધુ માહિતી અનુસાર વડોદરાના નટુભાઈ સર્કલ પાસે મીરાઝ કોમ્પ્લેક્સ, થર્ડ લોર, ૩૦૨ રૂમ નંબરમાં આવેલી આ ઓફિસે ફરિયાદી તથા તેમના પાંચ મિત્રોને બોલાવ્યા હતા. જ્યોર્જિયામાં વેરહાઉસની નોકરીમાં રૂ.૮૦થી ૯૦ હજાર પગાર તથા રહેવા-જમવાની સુવિધા મળશે અને -ત્યેક વ્યક્તિએ વિઝા-ટિકિટ માટે રૂ.૫.૫૦ લાખ ચૂકવવાના હોવાથી શરૂઆતમાં ૫૦ હજાર રૂપિયાની એડવાન્સ તરીકે રૂ.૩ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. નોટરી એગ્રીમેન્ટ પણ કરાવ્યુ હતું કે દોઢ મહિનામાં વર્ક પરમિટ મળી જશે, પરંતુ નિયત સમયે વિઝા મળ્યા નહોતા. બાદ વિઝા આવી ગયાનું કહી વધુ રૂ.૧૦.૫૦ લાખ તથા પછી રૂ.૧૯.૫૦ લાખ આપ્યા હતા. જ્યોર્જિયા જવાની ટિકિટ આપી દિલ્હી બોલાવ્યા હતા, પરંતુ પાસપોર્ટ કે મુળ વિઝા આપ્યા નહોતા અને ખોટા ખોટા વાયદાઓ કર્યા હતા.

આ ઉપરાંત યુવકે રૂપિયા માંગતાં આરોપીઓએ રૂ.૮.૬૫ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકીના રૂ.૨૪.૩૫ લાખ પરત આપ્યા નથી. આ ગુનામાં ગોરવા પોલીસે મુખ્ય આરોપી રિધાન ઈમિગ્રેશનના માલિક કાજલ જોશી તથા સ્ટાફ અમર શાહ, શ્રેયા પટેલ, ચિરાયુ પટેલ અને ગૌતમ શાહ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ રિક્ષામાં પેસેન્જરોને વાતોમાં પરોવી લૂંટી લેતી એક મહિલા અને પુરૂષને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડતાં તેમણે ૧૫ દિવસમાં ચાર પેસેન્જરોના દાગીના લૂંટયા હોવાની વિગતો બહાર આવી છે. ખોડિયાર નગર ખાતે રહેતા વેપારી તેમના પત્ની અને સાળી સાથે માંડવીના જ્વેલર્સને ત્યાં દાગીના ખરીદી રિમોટ લેવા માટે રિક્ષામાં રાવપુરા ગયા તે દરમિયાન રિક્ષામાં પંજાબી ડ્રેસ અને મોંઢે દુપટ્ટો બાંધીને બેઠેલી મહિલાએ પર્સમાંથી રૂપિયા સાડા ત્રણ લાખના દાગીના ચોરી લીધા હતાં. રાજકોટની જેમ આ ટોળકી વડોદરા પંથકમાં કાર્યરત હતી. ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ આરજી જાડેજા અને ટીમે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સને આધારે તપાસ કરી ખાસવાડી સ્મશાન પાસેથી રિક્ષામાં જતા મો.યુનુસ ગુલામ હુસેન કાગદી અને કાલી જસપાસ લોન્ધે ને ઝડપી પાડતાં તેમની પાસેથી દાગીના મળી આવ્યા હતા.

પોલીસની તપાસમાં આ દાગીના પેસેન્જરોના સામાનમાંથી લૂંટી લીધા હોવાની વિગતો બહાર આવી હતી. જેથી તેમની પાસે રિક્ષા,બે મોબાઇલ અને દાગીના મળી કુલ રૂપિયા ૪.૫૨ લાખની મતા કબજે લેવામાં આવી હતી.પોલીસે વધુ પૂછપરછ કરતાં ઠગોએ પંદર દિવસમાં માંડવી જ્વેલર્સને ત્યાંથી સોનું ખરીદી નીકળેલા દંપતી ઉપરાંત રેલ્વે સ્ટેશન પાસેથી રિક્ષામાં બેઠેલી મહિલાના દાગીના, સોમા તળાવ પાસે અને ગોત્રીમાં રિક્ષામાં બેઠેલી મહિલાઓના દાગીના કાઢી લીધા હોવાની કબૂલાત કરી હતી.

### જુના ડખ્ખાનું સમાધાન અને અખાડામાંથી બરતરફ કર્યા પછી પણ ભીક્ષાવૃતિ મામલે શરૂ થયો હતો વિવાદ

# રાજકોટ નહિ મુકે તો ટાંટીયા ભાંગશે ધમકીથી નીકિતાદેએ પીધુ'તું ફિનાઇલ

### ગંજીવાડાના નીકિતાદેની પોતાના ગુરૂ પરાપીપળીયાના મીરાદે અને તેની સાથેના મિહીર વિરૂધ્ધ થોરાળા પોલીસમાં વળતી FIR : મારામારીના સમાધાનની ના કહેતાં નીકિતાદેને અપાઇ હતી ધમકી

રાજકોટ, તા. ૪

શહેરમાં જુની મારામારીની ઘટનાના સમાધાન બાબતે અને કીન્નર અખાડામાંથી કાઢી મુકાયા બાદ પણ ભીક્ષાવૃતિ કરવા મામલે ગંજીવાડાના કીન્નર અને પરા પીપળીયા પચ્ચીસ વારીયામાં રહેતાં તેના ગુરૂ વચ્ચે ચાલી રહેલી માથાકુટમાં અગાઉ એક કીન્નર ફિનાઇલ પી ગયા બાદ સામે છ કીન્નરોએ પણ ફિનાઇલ પીધુ હતું. આ મામલે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી ગંજીવાડાના કીન્નરની ધરપકડ કરી હતી. હવે આ કીન્નરની ફરિયાદ પરથી તેના ગુરૂ અને તેની સાથેના શખ્સ વિરૂધ્ધ વળતી એફઆઇઆર દાખલ થતાં વિવાદ ફરી વકર્યો છે. ગંજીવાડાના કીન્નરને તેના ગુરૂ સહિતનાએ ફોન કરી જો તું સમાધાન નહિ કરે તો તારે રાજકોટ મુકવું પડશે, રાજકોટ નહિ મુકે તો તારા ટાંટીયા ભાંગી નાંખશું તેવી ધમકી આપતાં તેણી ફિનાઇલ પી ગયાનું ફરિયાદમાં જણાવાયું છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં કીન્નર સમુદાય વચ્ચે અગાઉ થયેલા ઝઘડાના સમાધાન મામલે વિવાદ વકરતા જાનથી મારી નાખવાની ધમકીનો વળતો ગુનો દાખલ થયો છે. ગંજીવાડના કીન્નરે પોતાના ગુરૂ સહિત બેની ધમકીથી ડરી જઈને ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યાનું ફરિયાદમાં જણાવાયું છે. ગંજીવાડા વિસ્તારમાં રહેતા નીકીતાદે



કીન્નરમાસી જેની ઉંમર છવ્વીસ વર્ષ છે તેણીએ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આ ઘટના ગત તા. ૨૭/૧૧/૨૦૨૫ના રોજ બની હતી. નીકીતાદેના ગુરૂ મીરાદે કીન્નર (માસી) અને તેના મિત્ર મીહીર ચૌહાણ દ્વારા સમાધાન માટે દબાણ કરવામાં આવ્યું હતું. નીકીતાદે જણાવ્યું હતુ કે આશરે બે મહિના પહેલા રાજકોટના જ્યુબિલી ગાર્ડનમાં તેમના ગુરૂ મીરાદે અને અન્ય કીન્નરો સાથે તેમને ઝઘડો અને મારામારી થઈ હતી. આ કેસનું સમાધાન કરવા માટે તા. ૨૭ના રોજ મીરાદેના મિત્ર મીહીર ચૌહાણે નીકીતાદેને ફોન કર્યો હતો, પરંતુ નીકીતાદેએ સમાધાન કરવાની સ્પષ્ટ ના પાડી હતી.

નીકીતાદેએ સમાધાનની ના પાડતાં તેમના ગુરુ મીરાદેએ મીહીર ચૌહાણ પાસેથી ફોન લઈ લીધો હતો અને પોતે પણ સમાધાન કરવા જણાવ્યું હતું. ફરી ના પાડતાં મીરાદે એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને નીકીતાદેને જેમફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. મીરાદેએ નીકીતાદેને ધમકી આપતાં કહ્યું હતું કે, 'તું રાજકોટ મૂકી દેજે, નહિતર તારા ટાંટીયા ભાંગી નાખીશ અને તને જાનથી મારી નાખીશ.ત્યારબાદ મીહીર ચૌહાણે પણ ફોનમાં ફરીથી ધમકી આપી હતી કે, 'તું રાજકોટ નહીં મૂકે તો તને જાનથી મારી નાખીશ. સતત ગાળો અને જાનથી મારી નાખવાની ધમકીના કારણે નીકીતાદે ખૂબ જ ગભરાઈ ગયા હતા અને લાગી આવતા તેમણે પોતાના ઘરે ફીનાઈલ પી લીધું હતું. તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

નીકીતાદે વધુમાં જણાવ્યું હતું કે તેમને ફીનાઈલ પીધાની જાણ થતાં આરોપીઓ હોસ્પિટલે પણ આવ્યા હતા અને તેમના વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ખોટી ફરિયાદ પણ નોંધાવી હતી. આથી નીકીતાદેએ પોતાના ગુરુ મીરાદે કીન્નર અને મીહીર ચૌહાણ વિરુદ્ધ ગાળો બોલવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ધોરણસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સત્યાવીસમીએ સાંજે નીકીતાદે ફિનાઇલ પી સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ એ પછી એ જ રાતે બે વાગ્યે મીરાદેના છ શિષ્યો ખુશ્બુદે ગોપીદે, સમીરાદે ગોપીદે, બીંદીયાદે મીરાદે, ગોપીદે મીરાદે, ટીનીદે મીરાદે અને કલ્પુદે મીરાદેએ પણ જામનગર રોડ શ્રીખાટુ શ્યામજી મંદિર પાસે એક સાથે ફિનાઇલ પી લેતાં આ છએયને સારવાર માટે દાખલ કરાયા હતાં.

છ કીન્નર ફિનાઇલ પી ગયાના બનાવ બાદ પોલીસ કમીશનરને મીરાદે સહિતે નીકિતાદે વિરૂધ્ધ રજૂઆત કરી હતી. ગાંધીગ્રામ પોલીસે મીરાદેની ફરિયાદ પરથી નીકીતાદે સહિત બે સામે ધમકીનો ગુનો નોંધ્યો હતો અને નીકીતાદેની ધરપકડ કરી હતી. હવે જામીન પર છુટ્યા બાદ નીકીતાદેએ પોતાના જ ગુરૂ મીરાદે અને તેની સાથેના મિહીર ચૌહાણ સામે થોરાળા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવતાં વ્યંઢળો વચ્ચે ચાલુ થયેલો વિવાદ વધુ વકરવાની શક્યતા છે.

# પાણીઢોળમાં ગયેલા ખેડૂતના ઘરમાંથી પોણાસાત લાખની ચોરી

### કુવાડવાના તરઘડીયા ગામે બનાવઃ બકરા લેવાના બહાને ત્રણ શકમંદ રેકી કરી બંધ ઘરને નિશાન બનાવી રોકડ-દાગીના ઉસેડી ગયાઃ કુવાડવા પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૪

તસ્કરીયાઓ ઉપાડો લઇને ઉઠ્યા છે. રાતે તો ઠીક ધોળે દિવસે પણ ત્રાટકીને પોલીસને પડકાર ફેંકી રહ્યા છે. વધુ એક ચોરીની ઘટના સામે આવી છે જેમાં રાજકોટના કુવાડવા તાબેના તરઘડીયા ગામે રહેતાં ખેડુત પરિવારના મકાનમાં ધોળા દિવસે ત્રાટકીને તસ્કરો પોણા સાત લાખની માલમત્તા ઉસેડી ગયા છે. આ ખેડૂત પોતાના બનેવીનું અવસાન થયું હોઇ તેમની પાણીઢોળ વિધીમાં હાજરી આપવા નજીકના ગામે પરિવાર સાથે ગયા હતાં ત્યારે રેઢા ઘરમાંથી તસ્કરો રોકડ-દાગીના ઉસેડી ગયા હતાં. બકરા લેવાના નામે ગામમાં આટાફેરા, પુછપરછ કરતાં ત્રણ શકમંદોને પોલીસ શોધી રહી છે.

ચોરીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો તરઘડીયા ગામે ખેડૂતના ઘરમાં ચોરીનો બનાવ બન્યો છે. ખેડુત પોતાના બનોવીનું અવસાન થયું હોઇ જેથી નજીકના સાયપર ગામે પાણીઢોળ વિધીમાં હાજરી આપવા પરિવાર સાથે ગયા હતાં. આ દરમિયાન રેઢા ઘરમાં ત્રાટકી તસ્કરો રોકડ, દાગીના મળી કુલ રૂા. ૬,૭૪,૦૦૦ની માલમત્તા ચોરી જતાં ગામમાં ચર્ચા જાગી છે. જાણવા મળ્યા મુજબ આ બનાવમાં તરઘડીયા ગામે રહેતાં બાવન વર્ષના રઘુભાઇ જાગાભાઇ ઝાપડાની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે ફરિયાદ દાખલ કરી ગુનો ઉકેલવા મથામણ શરૂ કરી છે. કુવાડવા પોલીસની સાથે સાથે એલસીબી અને ડીસીબીની ટીમો પણ કામે લાગી છે.



**તસ્કરીયાઓને પણ હવે નથી રહ્યો પોલીસનો ડરઃ વધુ એક ધોળે દિવસે ચોરી**

વધુ માહિતી જોઇએ તો રઘુભાઇ ઝાપડા ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમણે જણાવ્યું હતું કે હું મારા પત્નિ ભાનુબેન સહિતના પરિવાર સાથે રહુ છું. મારે સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. બુધવારે સવારે સાડા નવેક વાગ્યે હું પરિવાર સાથે અમારા ઘરની ઓસરીને લોખંડની જાળીને તાળુ મારીને સાયપર ગામે મારા બનેવી ભીમાભાઇ ટોળીયાનું અવસાન થયું હોઇ તેમની પાણીઢોળ વિધીમાં હાજરી આપવા માટે ગયો હતો. બપોરે અઢી વાગ્યે પાણીઢોળ વિધી પુરી થતાં મારા દિકરા વિપુલભાઇના પત્નિ રાધાબેન અને બીજા સગા સંબંધીની મહિલાઓ અમારા ગામ જવા માટે રવાના થઇ હતી. હું હજુ સાયપર ગામે જ હતો અને થોડીવાર બાદ તરઘડીયા જવાનું હતું. આ દરમિયાન ત્રણેક વાગ્યે મારા પુત્રવધુ રાધાબેન વિપુલભાઇનો મને અમારા સગાના ફોનમાંથી ફોન આવ્યો હતો અને અમારા ઘરની ઓસરીની જાળીનું તાળુ તુટેલુ છે તેવી જાણ કરી હતી.તેમજ રૂમના બંને કબાટમાંથી બધો સામાન બહાર વેરવિખેર પડ્યો હોવાનું કહ્યું હતું.

આથી હું, મારા પત્નિ સહિતના તત્કાળ પહોંચ્યા હતાં. અમે ઘરમાં તપાસ કરતાં કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ ગાયબ હતી. તસ્કરો કાનમાં પહેરવાની સોનાની બુટી એક જોડી, કાનની સર ત્રણ તોલાની, ગળામાં પહેરવાનો ફુલહાર ચાર તોલાનો, ગળામાં પહેરવાની સોનાની બરઘલી એક તોલાની, નાકના દાણા ચાર, કાનની કડી, સોનાનું ઓમકાર ગાયબ હતાં. આ ઉપરાંત ચાંદીનુ કડુ ૫૦૦ ગ્રામનું, પૌત્રક કૃણાલના હાથમાં પહેરવાના કડા બે ચાંદીના ૧૦૦ ગ્રામના, પગમાં પહેરવાના પગપાળા બે નંગ, કમર જુડો, કબાટમાં રાખેલા રૂા. ૧,૩૫,૦૦૦ રોકડા મળી કુલ રૂા. ૬,૭૪,૦૦૦ની માલમત્તાની ચોરી થઇ હતી.

આ પછી અમે તુરત જ પોલીસને ૧૧૨ નંબર ઉપર જાણ કરતાં પોલીસ આવી ગઇ હતી. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ઇન્સ. બી.પી. રજયા સહિતના સ્ટાફે પહોંચી ડોગ સ્કવોડ ફિંગરપ્રીન્ટ નિષ્ણાંતોની મદદથી તપાસ શરૂ કરી હતી. પીએસઆઇ બી. વી. ભગોરાએ ગુનો દાખલ કરતાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. દરમિયાન એવી માહિતી બહાર આવી છે કે ત્રણ શખ્સો ગામમાં ભરવાડનું મકાન છે કે કેમ? પોતાને બકરા લેવા છે તેવી ગામમાં પુછતાછ કરતાં હતાં. આ શકમંદો બંધ ઘરની રેકી કરીને આ ઘરમાંથી ચોરી કરી ગયાની શંકાએ પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે. ગામમાં મોટી મત્તાની ચોરીના બનાવને પગલે ચર્ચા જાગી છે.

## કાકાના દિકરાના મિત્રને નવેનવી ગાડી ભાડેથી ફેરવવા આપી અને ફ્રોડનો ભોગ બન્યા

# દસ લાખની કાર ભાડે લઇ જઇ ગિરવે મુકી દીધી

### ડોક્ટરને ગઠીયાએ દીધું ઠગાઇનું ઇન્જેક્શનઃ જીપીએસ સિસ્ટમ થકી ડોક્ટર અને પોલીસ કાર જેની પાસે હતી તેના સુધી પહોંચતા ખબર પડી કે માત્ર ત્રણ લાખમાં ગાડી મુકીને ગઠીયો ભાગી ગયો છેઃ અન્ય ચાર લોકો સાથે પણ આ રીતે ઠગાઇ

રાજકોટ, તા. ૪

કાર રેન્ટ પર લઇ જઇ પછી પાછી જ નહિ આપી કાર સાથે ગાયબ થઇ જવાની અથવા તો કાર બીજે ગીરવે મુકી રોકડી કરી ભાગી જવાની ઘટનાઓ સતત વધી ગઇ છે. આ પ્રકારના બનાવો રાજકોટમાં પણ અનેક વખત બની ચુક્યા છે. ત્યાં હવે એક ડોક્ટર સાથે આવી છેતરપીડી થઇ છે. તેમની નવેનવી કાર એક શખ્સ ભાડેથી લઇ ગયો હતો અને બારોબાર ગીરવે મુકી દીધી હતી. નવ લાખ સાત હજારની કિંમતની કાર લઇ જઇ છેતરપીંડી આચરનારાને પોલીસ શોધી રહી છે.

વિગતો પર નજર કરીએ તો છેતરાયેલા ડોક્ટર ભાવનગરના છે. તેમની રૂીપયા નવ લાખ સિત્તેર હજારની કિંમતની નવી કાર તેણે આણંદના ધવલ ભરવાડને ભાડે આપી હતી, જે આરોપીએ ગીરવે મૂકી દીધી હતી. આ મામલે ડોક્ટરે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નીલમબાગ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે ડો. અનિલ કેશવભાઈ સેંતા શુભ ડેન્ટલ ક્લિનિક, સંસ્કાર મંડળએ તાજેતરમાં શો-રૂમમાંથી ૯,૭૦,૦૦૦ રૂપિયામાં ફોર વ્હીલર નં.જીજે૦૪ઈપી-૭૯૮૩ ખરીદી હતી. તેમણે ૯૫,૦૦૦ રૂપિયાનું ડાઉન પેમેન્ટ ભરી બાકીના ૮,૭૫,૦૦૦ રૂપિયા એચડીએફસી બેંકમાંથી લોન કરાવી હતી. ડોક્ટરે તેમના કાકાના દીકરા મિલન સેંતાના કહેવાથી તેના મિત્ર આણંદના બાકરોલના ધવલ મેહુલભાઈ ભરવાડને ગાડી ભાડે આપવાનું નક્કી કર્યું હતું.

ધવલ જે ભાડેથી ગાડીઓ ફેરવવાનો ધંધો કરતો હતો. બાદ ડોક્ટરે ધવલ ભરવાડને મહિનાનું ચાલીસ હજાર






રૂપિયા ભાડું નક્કી કરીને ગાડીનો કબજો સોંપ્યો હતો. ધવલે સિક્યોરિટી પેટે એક્સિસ બેંકનો ચેક આપવાનું કહ્યું હતું અને વોટ્સએપ પર ચેકનો ફોટો પણ મોકલ્યો હતો. જો કે ગાડી સોંપ્યા બાદ ધવલ ભાડાનો ચેક મોકલવા માટે સતત વાયદા કરતો રહ્યો અને ચેક મોકલ્યો નહીં. આથી ડોક્ટરને શંકા ગઈ અને તેમણે મિલનને આ અંગે વાત કરી હતી. મિલને તેના મિત્રો યુગલ અલ્કેશભાઇ લબાના અને જયવિર પરબતસિંહ ડોડીયાને આ બાબતે જણાવ્યું હતું.


બાદ યુગલે ગાડીમાં ફીટ કરેલી જીપીએસ સિસ્ટમની એપ્લિકેશન ટોયોટા આઇ-કનેક્ટ દ્વારા ગાડીનું લોકેશન ટ્રેસ કર્યું. ગાડી વડોદરા ખાતે સમા સાવલી રોડ પર ઓર્કીડ કેલિસ્ટ્રો સોસાયટીમાં મળી આવી. યુગલે ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી અને બીજી ચાવીની મદદથી ગાડી લઈને સમા પોલીસ સ્ટેશન પહોંચ્યો. પોલીસ સ્ટેશન ખાતે જીતેન્દ્રસિંહ સોલંકી નામના એક વ્યક્તિ આવ્યા અને જણાવ્યું કે આ ગાડી ધવલ ભરવાડે તેના ભાઈ રૂદ્રપાલસિંહ સોલંકીને ૩,૧૦,૦૦૦ રૂપિયામાં ગીરવે મૂકી દીધી છે. આ ઘટનાના બીજા જ દિવસે ગાડીનું જીપીએસ સિસ્ટમ બંધ થઈ ગયું અને ધવલ ભરવાડનો ફોન પણ સ્વીચ ઓફ આવવા લાગ્યો. ડો. અનિલકુમાર આણંદ ખાતે ધવલના ઘરે ગયા હતાં.

પરંતુ ત્યાં કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહીં કે ધવલ હાજર મળ્યો નહીં. આ બનાવથી ડોક્ટરને ખાતરી થઈ કે તેઓ છેતરપિંડીનો ભોગ બન્યા છે. તેમને વધુમાં જાણવા મળ્યું છે કે ધવલ ભરવાડે ભાવનગર ખાતેથી અન્ય ત્રણ ફોર-વ્હીલર ગાડીઓ પણ આ જ રીતે ભાડે લઈને ગાયબ કરી દીધી છે. ડો. અનિલકુમાર સેંતાએ નીલમબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, પોલીસે ગુનો નોંધી આરોપી ધવલ ભરવાડને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી હતી. આવા બનાવો રાજ્યભરમાં બની રહ્યા છે. સેલ્ફથી કાર લઇ જઇ વેંચી નાખવાની, ગીરવે મુકી દેવાની કે પછી લઇને ભાગી જવાની ઘટનાઓ સતત વધી છે તેમાં આ વધુ એક બનાવ સામેલ થયો છે.

### પદાધિકારીઓના નિર્ણયથી મ્યુનિસિપલ કમિશનર અસંતૂષ્ટ

# PMUની દરખાસ્ત ફરી સ્ટેન્ડિંગમાં ?

## રાજકોટના વિકાસ માટે પીએમયુની આવશ્યકતા ખૂબ વધુ : ખર્ચની દ્રષ્ટિએ પદાધિકારીઓએ દરખાસ્ત કરી રદ



રાજકોટ, તા. ૪
મહાનગરપાલિકા દ્વારા પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ શરૂ કરવા ની પહેલ હાથ ધરી હતી પરંતુ આ યોજના યોગ્ય રીતે પરિપૂર્ણ થઈ શકી ન હોવાનું માલુમ પડ્યું છે બીજી તરફ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પણ આ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ અંગે દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ ઘણી ખરી દરખાસ્ત સ્ટેન્ડિંગમાં ના મંજૂર થાય તેમાં એક આ દરખાસ્ત પણ ના મંજૂર થાય છે જેને લીધે તંત્ર અને પ્રજાને ભારે મુશ્કેલીઓને હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ મહાનગરપાલિકા દ્વારા ખર્ચના બહાને આ દરખાસ્તને રદ કરી હોવાનું માલુમ પડ્યું છે અને પરિણામ સ્વરૂપે મ્યુનિસિપલ કમિશનર પણ આ બાબતથી નારાજ થયા છે. કારણ કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ જો શરૂ થાત તો એક જ સ્થાન ઉપરથી દરેક વિભાગના ચાલુ કામો સહિતની તમામ વિગતો મળી રહે જે હાલ અત્યારના મેળવવી ખૂબ મુશ્કેલ છે. આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ મ્યુનિસિપલ કમિશનર ફરી વખત સ્ટેન્ડિંગમાં દરખાસ્ત મુકવા માટેની તૈયારીઓ શરૂ કરી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે જો બીજી વખત આ બાબતની દરખાસ્ત સ્ટેન્ડિંગમાં આવશે તો તેને મંજૂર કરવામાં આવશે કે કેમ ?

મહાનગરપાલિકાના તમામ વિભાગ ની કામગીરી બસ એક જગ્યાએથી જ માલુમ પડી શકે અને પારદર્શક બને તે માટે યોગ્ય મોનિટરિંગ કરવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ૩૫ ઇજનેરોની ભરતી સાથે એજન્સી મારફતે ૭ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો જેને પદાધિકારીઓએ આવકાર્યો હતો પરંતુ સ્ટેન્ડિંગ બેઠકમાં તેને નકારવામાં આવતા ઉહાપો મચ્યો છે. મ્યુનિસિપલ કમિશનરની કામગીરી થી હાલ પદાધિકારીઓમાં ફફડાટ મચી ગયો છે એટલું જ નહીં તેઓને લાગે છે કે જો પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની અમલવારી થશે તો તમામ માહિતીઓ ઓનલાઇન ઉપલબ્ધ થશે પરિણામ સ્વરૂપે જે જે ગેર રીતે કરવામાં આવી હોય અથવા તો કામ થતું ન હોય તે તમામ બાબતોની માહિતી મળતી રહેશે જેને ધ્યાને લઇ સર્વનું મતે સ્ટેન્ડિંગ કમિટીમાં આ દરખાસ્ત ના મંજૂર કરવામાં આવી ત્યારે હવે મ્યુનિસિપલ કમિશનરે પણ ખાસ દરખાસ્ત તૈયાર કરી છે અને હાલ મહાનગરપાલિકા પાસે કેટલો સ્ટાફ છે તે અંગેની વિગતો પણ માંગી હોવાનું વર્તુળો જણાવી રહ્યા છે. ત્યારે કહી શકાય કે હાલ મહાનગરપાલિકાના સત્તાધીશોની સામે ખુદ મ્યુનિસિપલ કમિશનર મેદાને આવ્યા છે.

મળતી માહિતી મુજબ આ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ શરૂ કરવા પાછળ અનેકવિધ કારણો છે કારણ કે સરકારે ૨૦૨૫ ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે ત્યારે રાજ્યભરમાં વિવિધ શહેરોમાં વિકાસ કાર્યોને નવી ગતિ અને તેમના કામનું અવલોકન સરળતાથી થઈ શકે તે માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ ઊભું કરવાનું નિર્ણય રાજકોટના મ્યુનિસિપલ કમિશનર દ્વારા લેવામાં આવ્યો હતો જેનો અર્થ અને તેનો કારણ મનપાના પદાધિકારીઓ સમજી શક્યા નથી.

આ કામગીરી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના માળખાકીય વિકાસને વધુ સુવ્યવસ્થિત, ગુણવત્તાયુક્ત અને ટેકનિકલ રીતે મજબૂત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના તમામ કામોનું સોફ્ટવેરના માધ્યમથી દૈનિક મોનીટરીંગ કરવા તેમજ ખાતમુર્હુતથી લઈને લોકાર્પણ સુધીની કામગીરીનું દૈનિક રીપોર્ટીંગ કરવાના આશય સાથે આઠ સીનીયર અધિકારીઓની ટીમથી સજ્જ પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટ(ઁસ્ેં) ની રચના કરવામાં આવશે તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ'શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫' અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ ટેકનીકલ કામો, દૈનિક ફીલ્ડ વિઝીટ કરી મોનીટરીંગ, રિપોર્ટીંગ માટે અગિયાર માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે કુલ-૩૫ ફિલ્ડ એન્જીનીયર(સિવિલ)ની જગ્યાઓ ભરવામાં આવે તેવી દરખાસ્ત રજૂ કરવામાં આવેલ જે સ્ટેન્ડિંગમાં નામજૂર થયેલ.

# આજી-ન્યારીમાં બે તબક્કામાં ૨૭૦૦ MCFT નર્મદાનીર આપવા માગણી

## બન્ને ડેમમાં ૧૫ જાન્યુઆરી બાદ પાણીની જરૂરિયાત ઉભી થાય માટે મનપાએ આગોતરા આયોજન રૂપ કરી માંગણી



રાજકોટ, તા. ૪
રાજકોટને પાણી પુરૂં પાડતાં આજી અને ન્યારી ડેમમાં આગામી જાન્યુઆરી માસ પછી નર્મદાનીર ઠલવવા માટે રાજ્ય સરકારને પત્ર લખવામાં આવ્યો છે. હાલ બન્ને ડેમમાં ૧૫ જાન્યુઆરી બાદ પાણીની જરૂરિયાત ઉભી થાય તેમ હોય મહાનગરપાલિકા દ્વારા આગોતરા આયોજનરૂપે નર્મદાનીરની માગણી કરવામાં આવી છે. આજી ન્યારી માટે બે તબક્કામાં કુલ ૨૭૦૦ એમસીએફટી સૌનીનું પાણી મંગાશે.

રાજકોટને પાણી પુરૂં પાડતાં આજી ડેમ ચોમાસા દરમિયાન ઓવરફ્લો થયો હતો. જ્યારે, આ વર્ષે ન્યારી ડેમ ઓવરફ્લો થયો નથી. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે વરસાદ ઓછો પડતાં આજી અને ન્યારી ડેમમાં ફેબ્રુઆરી મહિના પછી પાણીની જરૂરિયાત ઉભી થાય તેમ છે. આથી, ૨૦૨૬ના વર્ષના પ્રારંભમાં જ પાણી માટે આગોતરૂં આયોજન કરવા રાજ્ય સરકાર પાસેથી સૌની યોજના હેઠળ ૨૭૦૦ એમસીએફટી નર્મદાનીર આપવાની માગણી કરવામાં આવશે. ગત ચોમાસામાં ન્યારી ડેમ ઓવરફ્લો થયો ન હોય ન્યારી-૧માં હાલમાં ૨૧ ફૂટ પાણી છે. ન્યારી ડેમમાંથી દરરોજ ૬ થી ૭ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવે છે. આથી ન્યારી ડેમમાં હજુ માર્ચ મહિના સુધી પાણીની તકલીફ પડે તેમ નથી. પણ આજી ડેમમાંથી થતાં પાણીના ઉપાડને ધ્યાનમાં રાખીને ડિસેમ્બર કે જાન્યુઆરીથી જ પાણી માટે આયોજન કરવું પડે તેવી સ્થિતિ છે. આથી બન્ને ડેમમાં આગોતરા આયોજનરૂપે તા.૧૫ જાન્યુઆરી બાદ સૌની યોજના હેઠળ બે તબક્કામાં કુલ ૨૭૦૦ એમસીએફટી નર્મદાનીર માંગવા માટે રાજ્ય સરકારને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કામાં પાણી માંગવામાં આવશે.

રાજકોટને પાણી પુરું પાડતાં આજી અને ન્યારી ડેમ દરવર્ષે ચોમાસામાં ઓવરફલો થઈ જતાં હોવા છતાં શહેરના વધતાં જતાં વિકાસ અને વિસ્તારની સાથે પાણીની ડિમાંન્ડ પણ વધતાં આ બન્ને જળાશયો રકાબી જેવા સાબિત થઈ રહ્યા છે. પરિણામે મહાનગરપાલિકાને દરવર્ષે બે વાર સૌની યોજના હેઠળ નર્મદાનીર માંગવા પડે છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા આગોતરૂં આયોજન કરવા માટે દરવર્ષે દિવાળી બાદ મહાનગરપાલિકાને પત્ર પાઠવીને સૌની યોજના હેઠળ નર્મદાનીરની જરૂરિયાત જણાવવા પત્ર લખવામાં આવે છે.૨૦૨૬ના વર્ષની શરૂઆતથી જ રાજકોટને નર્મદાનીરની જરૂર પડે તેમ હોય મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના સિંચાઈ વિભાગને પત્ર પાઠવીને ૧૫ જાન્યુઆરી બાદ બે તબક્કામાં ૨૭૦૦ એમસીએફટી પાણી આપવા માંગણી કરી છે. આમાં આજી ડેમ માટે ૧૮૦૦ અને ન્યારી ડેમ માટે ૯૦૦ એમસીએફટી પાણીની ડિમાન્ડ કરવામાં આવી છે.

### સ્પેશિયલ પીપી તુષાર ગોકાણીએ આપેલો ડ્રાફ્ટ ચાર્જ સુપ્રીમે રાખ્યો ગ્રાહ્ય : ફાયર ઓફિસર રોહિત વિગોરાની અરજી સુપ્રીમે નકારી

# અગ્નિકાંડમાં મનુષ્યવધની કલમો હટાવવાની અરજી સુપ્રીમે ફગાવી

રાજકોટ, તા. ૪
ટીઆરપી અગ્નિકાંડમાં ૨૭ લોકો ના જે કરોડ મોત નીપજયા છે તેમાં મનુષ્યવધની કલમો હેઠળ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો પરંતુ મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ ફાયર અધિકારી રોહિત વિગોરા દ્વારા મનુષ્યવધની કલમ હટાવવા ની અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી જેને કોર્ટે ફગાવી દીધી છે. હાલ જે વિગત મળી રહી છે તે મુજબ સરકાર તરફે તુષાર ગોકાણી દ્વારા જે ડ્રાફટ ચાર્જ સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવ્યું તેને કોર્ટે માન્ય રાખ્યો છે ત્યારે હવે આરોપીઓ સામે રાજકોટ સ્ટેશન કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલા તોહમદનામાં મુજબ મનુષ્યવધનો કેસ ચાલશે.

૨૫ મે ૨૦૨૪ ના રોજ ટીઆરપી ગેમ ઝોન ખાતે જે આગ ફાટી નીકળી હતી તેમાં નાના બાળકો સહિત ૨૭ લોકોના મૃત્યુ નીપજ્યા હતા. આ અંગે જે તપાસ હાથ ધરવામાં આવી તેમાં ટીઆરપી ગેમ ઝોનનું ફાયર એનઓસી લેવામાં આવ્યું ન હોવાની વિગતો મળી હતી છતાં પણ મનપાના અધિકારીઓ તથા પદાધિકારીઓની રહેમરા હેઠળ જગ્યાના ભાગીદારો મોતનો ખેલ ચલાવતા હતા. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ અંગે જો કાર્યવાહી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી હોત તો કદાચ આ ઘટના ન ઘટી હોત ત્યારે ગંભીરતાને ધ્યાને લઇ ગેમ ઝોનના ભાગીદારો તથા ગેમ ઝોનના જવાબદાર અધિકારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો અને ૧૫ આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા આ કેસમાં ચાર્જશીટ થયા બાદ અદાલતમાં મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠીયા એટીપી રાજેશ મકવાણા, જયદીપ ચૌધરી, તથા ગૌતમ જોશીની સાથે ડેપ્યુટી ચીફ ઓફિસર ભીખા ઠેબા, ધવલ ઠક્કર અને નીતિન જૈન દ્વારા બિન તોહમત છોડી મૂકવા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ મુદ્દાની ગંભીરતાને ધ્યાને લઈ



સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી દ્વારા કોર્ટમાં ધારદાર દલીલો કરવામાં આવી હતી અને જણાવ્યું હતું કે હાલના તબક્કે મનુષ્યવધનો જે ગુનો બને છે તે આધારે આરોપીઓ વિરુદ્ધ કેસ ચલાવવામાં આવે તેવી માંગણી પણ કરી હતી.

ડીસ્ચાર્જ અરજીનો નિર્ણય કરતા સમયે અથવા ચાર્જકેમ કરતા સમયે પ્રોસીકયુશન તરફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ જેમાં સાહેદોના નિવેદનો તેમજ દસ્તાવેજો વિગેરે ધ્યાને લેતા મનુષ્યવધ સહિતની કલમોનો ચાર્જફ્રેમ કરવા માટે મજબૂત પુરાવો તપાસનીસ અમલદાર દ્વારા એકઠો કરી અદાલત સમક્ષ મુકવામાં આવેલ છે. આરોપીઓ તરફે કોઈપણ જાતનો પુરાવો રજૂ કર્યા વિના હાલના તબકકે મૌખીક રીતે પુરાવાનું માત્ર પોતાની સગવડ અને સમજણ મુજબ અર્થઘટન કરી તેનું વિશ્લેષણ કરવા માટે મીની ટ્રાયલનો કાયદો સમર્થન આપતો નથી. પ્રોસીકયુશન દ્વારા દરેક આરોપી વિરૂધ્ધ દરેક કલમો હેઠળ ચાર્જકેમ કરવો જોઈએ તેવી માંગણી કરેલ નથી.

પરંતુ જે આરોપીનું ગુન્હામાં જે રીતનો સહભાગ છે તે મુજબ જ તેવી કલમો હેઠળ તેમની વિરૂધ્ધ ચાર્જકેમ કરવાની રજૂઆત કરવામાં આવેલ છે જે પ્રોસીકયુશનની તટસ્થાનો પુરાવો છે. તુષાર ગોકાણીની દલીલો તેમજ રજૂ કરવામાં આવેલ વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ અદાલત દ્વારા પ્રોસીકયુશન તરફે દરેક આરોપીઓના ગુન્હાહિત કૃત્યના સંદર્ભે તેમની સામે રજૂ થયેલ પુરાવા મુજબ મનુષ્યવધ સહિતની વિવિધ કલમો હેઠળ પ્રથમ દર્શનીય રીતે પુરાવો હોવાનું માની આરોપીઓ વિરૂધ્ધ ચાર્જકેમ કરવાનો હુકમ કરેલ હતો. આ હુકમ સામે ગુજરાત હાઈકોર્ટમાં આરોપીઓએ અરજી કરેલ હતી જે અરજીઓ ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ કરતા આરોપીઓ પૈકી ફાયર ઓફીસર રોહિત વિગોરા દ્વારા સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરાયેલ હતી જે દરમ્યાન સેશન્સ અદાલતમાં આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી દેવામાં આવતા આરોપીએ તહોમતનામાની વિગતો પણ પડકારેલ હતી.

# જન્મ મરણનું પોર્ટલ બંધ થતા અરજદારો ત્રાહિમામ

## છેલ્લા પાંચ મહિનાથી કંઈક ને કંઈક કારણે પોર્ટલ ચાલતું નથી : અધિકારીઓ અને પદાધિકારીઓની ચુપકીદી ઉભા કરે છે અને એક સવાલો

રાજકોટ, તા. ૪
રાજકોટ મહાનગર અને જિલ્લામાં હાલજો સળગતા વિષયો અને મુદ્દા હોય તો તે જન્મમરણ વિભાગની કામગીરી, પુરવઠા વિભાગની નીતિ અને રાજકોટનું હવા પ્રદુષણ હાલ આ વિષયો અત્યંત વ્યાપક પ્રમાણમાં ઉઠી રહ્યા છે તેમાં પણ જ્યારે જન્મમરણ વિભાગની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવે તો એ વાત તો સ્પષ્ટ છે કે છેલ્લા છ માસથી હાલ સરોવરના ધાંધિયા અને પોર્ટલમાં ઊભા થતા પ્રશ્નોને કારણે લોકોને જે ન્યાય મળવો જોઈએ અને જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી અને લાભાર્થીઓએ ખરા અર્થમાં ધર્મના ધક્કા ખાવા પડે છે.

મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાના જન્મ મરણ વિભાગનું જે પોર્ટલ છે તે છેલ્લા બે દિવસથી બંધ થઈ ગયું હોવાનું હાલ જાણવા મળ્યું છે અને પરિણામ સ્વરૂપે લોકોએ હેરાન પણ થવું પડે છે. બીજી તરફ ૨૦૨૦ થી ૨૦૨૫ ના રેકોર્ડ ખુલતા ન હોવાના કારણે જે સુધારા વધારાની અરજીઓ આવેલી છે તેનું ભારણ પણ ખૂબ વધી ગયું છે. હાલ પોર્ટલ બંધ થઈ જતા અરજદારો હેરાન પરેશાન થઈ ગયા છે ના પોર્ટલ ક્યારે શરૂ થશે તે અંગેના સવાલો પણ ઉઠી રહ્યા છે. આચાર્યની વાત તો એ છે કે મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા આ અંગે કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવતી નથી અથવા તો સરકાર સાથે આ બાબતે ફરિયાદ પણ કરવામાં આવી નથી. રાજકોટ મહાનગરપાલિકાના સિવિક સેન્ટરો પર પ્રતિ દિવસ ખુબ મોટી સંખ્યામાં જન્મ મરણની કામગીરીને લઈ લોકો આવતા હોય છે પરંતુ હાલ પોર્ટલની સ્થિતિને ધ્યાને લઈ ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે પરંતુ છેલ્લા પાંચ મહિનાથી તો સ્થિતિ અત્યંત બગડી ચૂકી છે અને આ અંગેની ફરિયાદ એકવાર નહીં અનેક વખત કરવામાં આવી છે છતાં પણ કોઈ નક્કર પરિણામ આવી શકતું નથી.

બુધવારથી નવુ પોર્ટલ અચાનક બંધ થઇ ગયુ હતુ કેન્દ્ર સરકારના આ પોર્ટલમાં ૨૦૨૦થી ૨૦૨૫ સુધીની તમામ એન્ટ્રીઓ અપલોડ કર્યા બાદ દાખલાઓ નિકળતા હતા.




જેમાં ખાસ કરીને મનપાની હદમાં તાજેતરમાં ભળેલા માધાપર, મુંજકા, મનહરપુર-૧, ઘંટેશ્વર મોટામવા સહિતના ગામોના જૂના ૨૦૨૦થી ૨૦૨૫સુધીના ડેટાઓ આ પોર્ટલમાં કાર્યરત થઇ શકે છે અને પોર્ટલ બંધ થતા આ વિસ્તારોના લોકોના જન્મ-મરણના દાખલાઓમાં થતા સુધારા વધારા સહિતની કામગીરી સંપૂર્ણ પણ બંધ થઇ જતા ફકત સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે દરરોજ આવતા ૧૫૦થી વધુ અરજદારોમાં દેકારો બોલી ગયો છે.

મહાનગર પાલિકાના જન્મ મરણ વિભાગમાં છેલ્લા છ માસથી ત્રણ પોર્ટલનો ડખ્ખો ઉભો થયો છે. સરળતા માટે તંત્ર દ્વારા ત્રણેય પોર્ટલ ઉપર બે બે દિવસ અલગ અલગ પ્રકારની કામગીરી શરૂ કરવામાં આવી છે. બહાર ગામથી આવતા અજાણ અરજદારોને ધરમનો ધક્કો થતો હોય ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેની સામે તંત્રએ પણ લોકોને ધક્કો ન થાય તે માટે ત્રણેય પોર્ટલની કામગીરી એક સાથે શરૂ કરી માનવતા દાખવી છે. પરંતુ આજે મરણના દાખલા માટે ફાયર વિભાગની ચીઠ્ઠી માંગતાં અરજદારો દોડતા થઈ ગયા છે. આજે પણ કચેરી ખાતે અરજદારોની લાઇનો જોવા મળી રહી છે. છ-છ મહિનાથી અજરદારો પરેશાન થઇ રહ્યા છે. છતાં પદાધિકારીઓએ એક પણ વખત આ મુદ્દે જન્મ-મરણ વિભાગ સાથે ચર્ચા કરી સ્ટાફ અને કિટ વધારવાની તસદી લીધી નથી. જેનો ભોગ જન્મ-મરણ વિભાગનો સ્ટાફ બની રહ્યો છે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ અત્યારે જન્મ મરણ વિભાગના કર્મચારીઓ તથા તે વિભાગની સંભાળ રાખનાર અધિકારીઓ પ્રજાને જવાબ આપવામાં પણ નિષ્ફળ નીકળે છે કારણ કે છેલ્લા પાંચ મહિનાથી અનેકવિધ જવાબો આપીને એનકેન પ્રકારે લાભાર્થીઓને મનાવવામાં આવતા હતા પરંતુ હાલની સ્થિતિને ધ્યાને લઈ તે હવે શક્ય લાગતું નથી ત્યારે હવે શું પગલાં લેવાશે તે પણ સૌથી મોટો પ્રશ્ન છે . ત્યારે મહાનગરપાલિકાના પદાધિકારીઓ અધિકારીઓ કેમ ચુપકીદી સેવીને બેઠા છે તે પણ પ્રશ્ન હાલ લોકો ઉઠાવી રહ્યા છે મહાનગરપાલિકામાં આવવા માટે લોકોએ ખરા અર્થમાં ધર્મના ધક્કા ખાવા પડે છે.